યે શહાદત ગહે ઉલ્ફત મેં કદમ રખના હૈ
લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના

ક઼ૌમી એકતાના નામે

ધર્મોમાં ભેળસેળથી બચો !

J સંપાદક J

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

J પ્રકાશક J

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

GRWB/059/Bharuch/02 *C/o.* **ફય્ઝાને રઝા મંઝિલ,**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૫૩ આવૃત્તિ–૨ પ્રત : ૨૦૦૦
૧૨–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૮ સપ્ટેમ્બર–૨૦૦૭

ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯

નૂરાની આર્ટ–દયાદરા

અનુક્રમણિકા

✽ બધું જ કરો ! પણ મુસલમાન તો રહો !!	૦૫
✽ આવા ધોકાબાઝોથી સાવધાન રહો !	૦૫
✽ રાજકરણીનો હેતુ ખુરશી તથા માલ હોય છે	૦૬
✽ મુસલમાન માટે ચિંતનની પળ !	૦૬
✽ ક઼ૌમ મઝહબસે હૈ, મઝહબ જો નહીં તુમ ભી નહીં !	૦૭
✽ (લેખ નં. ૧) **કહેવાતી એકતાની ભયાનક ભીતરમાં ડોકિયું !!**	૦૯
✽ બની બેઠેલા તૌહીદના ઠેકેદારો અહીં કેમ ગુંગા છે !	૧૪
✽ શું ફત્વો છે દેવબંદી મુફતીઓનો ? આ શિર્ક થયું કે નહીં ?!	૧૫
✽ કોઈના કુફ્રમાં રાજી રહેવું પણ કુફ્ર !	૧૬
✽ (લેખ નં. ૨) **‘બેશક ! અલ્લાહની નજીક પસંદીદા દીન ઈસ્લામ છે !’**	૨૦
✽ હે મુજદ્દિદ અલ્ફેષાની ! ક઼ૌમને ફરી તમારી જરૂરત છે !	૨૧
✽ વૈચારિક ગુમરાહીની એક અધિક ચળવળનો પ્રારંભ !	૨૪
✽ **Furec** (ફયૂરિક)ના હેતુઓ તથા મકસદો	૨૭
✽ સૂરત રૂહાની એઅ્લામિયા (સૂરત આધ્યાત્મિક એલાન)નું બંધારણ શું છે ?	૩૦
✽ ‘ફયૂરિક’ના અમલી નમૂના આ રહ્યા ! જોઈ લો !	૩૩
✽ (લેખ નં. ૩) **ક઼ૌમી એકતાના નામે ધર્મોમાં ભેળસેળ કરનારાઓને શરીઅતની લાલ બત્તી !**	૪૦
✽ ક઼ૌમી એકતાના ઓઠા હેઠળ ઈમાનનો ખાત્મો !	૪૩
✽ (લેખ નં. ૪) કોઈની સાથે એની તુલના યોગ્ય ગણાશે નહીં **અલ્લાહ અલ્લાહ છે ! કુર્આન કુર્આન છે**	૫૧
✽ આ ક઼ૌમી એકતા નથી પણ ઈસ્લામથી જ બહાર થવું છે !	૫૧
✽ ભગવાન, બ્રહ્મા, વિષ્ણુ તથા શિવથી મુરાદ ''અલ્લાહ'' નથી !	૫૩
✽ વેદ આસ્માની કિતાબ નથી	૫૫
✽ ''બ્રહ્મા''એ અલ્લાહ નથી	૫૬
✽ વેદનું સંપાદન તથા તેના પ્રકાર	૫૬
✽ એક શંકાનું નિવારણ	૫૭

તુઝે હ્મ્દ હૈ ખુદાયા.....

અઝ : આ'લા હઝરત મુજદ્દિદે મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ

વહી રબ હૈ જિસને તુઝકો હમાતન કરમ બનાયા
હમેં ભીક માંગને કો તેરા આસ્તાં બતાયા
તુઝે હ્મ્દ હૈ ખુદાયા, તુઝે હ્મ્દ હૈ ખુદાયા

તુમ્હીં હાકિમે બરાયા, તુમ્હીં કાસિમે અતાયા
તુમ્હીં દાફએ બલાયા, તુમ્હીં શાફએ ખતાયા,
કોઈ તુમસા કૌન આયા, કોઈ તુમસા કૌન આયા

યહી બોલે સિદરાવાલે ચમને જહાં કે થાલે
સભી મૈંને છાન ડાલે તેરે પાએકા ન પાયા
તુઝે યકને યક બનાયા, તુઝ યકને યક બનાયા

અરે અય ખુદાકે બંદો ! કોઈ મેરે દિલકો ઢુંઢો !
મેરે પાસ થા અભી તો અભી કયા હુઆ ખુદાયા
ન કોઈ ગયા ન આયા, ન કોઈ ગયા ન આયા

હમેં અય **'રઝા'** તેરે દિલકા પતા ચલા બ મુશ્કિલ
દરે રૌઝે કે મુકાબિલ વો હમેં નઝર તો આયા,
યે ન પૂછ કૈસા પાયા, યે ન પૂછ કૈસા પાયા

બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

ઈલ્મે શરીઅતની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે ''બરકાતે ખ્વાજા '' માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

✪ લવાજમ ✪

★ વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/– ★ વિદેશ માટે £ 15/–
★ આજીવન રૂા. ૩૦૦૦/– ★ પેટ્રન ફી (૧૧ વર્ષ) રૂા. ૧૩૦૦/–
★ વિદેશ માટે આજીવન £ 250/– ★ વિદેશ માટે પેટ્રન £ 150/–

✪ સંપર્ક સરનામુ ✪

બરકાતે ખ્વાજા ***(માસિક)***, **C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,**
ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, ૨૮૨૦૮૬ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બધું જ કરો ! પણ મુસલમાન તો રહો !!

(પ્રકાશકના બે બોલ.....)

સુના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હય
સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હય

આજે **શું**, **શા** અને **શો**નો યુગ આવી ચૂક્યો છે, નહીં તો પહેલાં હિંદુ મુસ્લિમ એકબીજાને દુનિયાવી કે સામાજિક કામોમાં સહકાર કરતા હતા, ભારે ભારે કામોમાં મદદરૂપ થતા હતા તો કોઈ જાણતુ પણ ન હતું. તદ્દન નિઃસ્વાર્થપણે એકબીજાની મદદ કરવાના પ્રસંગો તમને ગામે ગામ અને શહેરે શહેરના ઈતિહાસમાં જોવા મળશે. પણ છતાં તેનો શો કરવાનો, દેખાડો કરીને લોકોમાં નામના કમાવાનો વિષય જ ત્યારે ન હતો.

✻ આવા ધોકાબાઝોથી સાવધાન રહો ! ✻

હવે આજે પરિસ્થિતિ એ આવીને ઉભી છે કે ઘણે ઠેકાણે તો જે લોકો ક઼ૌમી રમખાણો કરાવી બંને ક઼ૌમોને તબાહ કરવાના પ્લાનો રચે છે તેઓ જ "ક઼ૌમી એકતા સમિતિ" જેવાં નામોથી કમિટીઓ રચીને પ્રેસવાળાને, ટી.વી. ચેનલોવાળાને બોલાવીને જાહેરાત કરીને માનવ જાતની ભલાઈના, ક઼ૌમી એકતાના પ્રણેતા તથા ઠેકેદાર બની નામના તથા નાણા કમાઈ રહ્યા છે.

અને આવા બેઈમાન તથા સર્વ માનવ જાતિ માટે ખતરારૂપ સફ઼ેદ ઠગ જેવા લોકો જેમાં મોટાભાગે રાજકરણીઓ હોય છે

તેમણે ચાહે તે હિંદુ હોય કે મુસ્લિમ ગમે તે ક઼ૌમથી સંબંધ ધરાવતા હોય પણ પોતાના અંગત સ્વાર્થ, વાહ વાહ, નામના તથા ખુરશી પામવાની લાલચમાં ક઼ૌમી એકતાને બદલે ધર્મોમાં પણ ભેળસેળ કરવાનું શરૂ કરી આપ્યું છે.

✻ રાજકરણીનો હેતુ ખુરશી તથા માલ હોય છે ✻

અસલમાં મોટાભાગના રાજકરણીને ન કોઈ ક઼ૌમની સેવાની પડી હોય છે, ન કોઈ ધર્મની ! તેમને તો પોતાની વાહ વાહ થાય તેની તથા ખુરશી મળે તો કરોડો પતિ બની જવાની જ પડેલી હોય છે. તેમના પક્ષપલટા તથા રોજ બદલાતાં લોકોને મૂર્ખ બનાવતાં વિરોધાભાસી નિવેદનો એના માટે સાક્ષી છે. જેથી તેઓ તથા કહેવાતા કેટલાક સમાજ સેવકો ધર્મોમાં ભેળસેળ થાય તેવા પ્રોગ્રામો જેમ કે "દરગાહો પર કથા"ના તથા દરગાહો પર "હિંદુ મુસ્લિમ સમૂહ લગ્નો"ના પ્રોગ્રામો તથા "કુર્આન–વેદ તથા સર્વ ધર્મ સમન્વય"ના તથા "સર્વ ધર્મ સંગઠન" કરવાના, "રથયાત્રાના, ધાર્મિક દેવની શોભા યાત્રાના સ્વાગતના", "જુલૂસોના સ્વાગત તથા મહંતોના સન્માન"ના તથા હિંદુઓના ગરબાના પ્રોગ્રામોમાં જોડાવું વગેરે પ્રોગ્રામો કરતા રહે છે અને અખ્બારોમાં તેના ફ઼ોટા તથા સમાચારો વહેતા કરે છે.

એકબીજાને સહાયરૂપ થવાની જે અસલ રૂહ છે તે મરી પરવારી, હવે સહાય કરે કે ન કરે પણ આવા પ્રોગ્રામો કરીને પોતે સમાજ સેવક તરીકે નામના મેળવી લેવી, અખ્બારો, ટી.વી.માં ચમકી જવું એ ધંધો બની ગયો છે.

✻ મુસલમાન માટે ચિંતનની પળ ! ✻

તો દરેક ક઼ૌમે આવા છેતરપીંડી કરનારા કેવળ એક્ટિંગ

કરનારા (એક્ટર) રાજકરણીઓ તથા કહેવાતા સમાજ સેવકોથી સાવધાન રહેવું જોઈએ. ખાસ કરીને મુસલમાનોને વિનંતિ છે કે, જો તમે ઈમાનવાળા છો તો સમજો કે કયા કૃત્યથી મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જાય છે અને તેવાં કૃત્યોથી બચો અને અન્યોને બચાવો, અને ભૂતકાળમાં એવાં કામો કર્યા હોય તો તેની **જાહેરી કામોની જાહેરમાં છુપા, કામોની છુપી તૌબા કર્યા વિના તમે ઈમાનની સાથે આ જગતમાંથી જશો નહીં.** અને ઈમાન વિના મર્યા તો હમેશાંના અઝાબમાં સપડાવું પડશે. આ દુનિયાને થોડીક પળોની જ સમજો, અસલ જિંદગી તો આખેરત જ છે, માટે પોતે તથા પોતાની ઔલાદને, પોતાના દોસ્તો, સગાંઓ તથા માહોલને ઈસ્લામ પર રહેવા સમજાવો અને જણાવો કે દુનિયાવી તથા સામાજિક કામોમાં સર્વ ગૈર કૌમો સાથે સહકારથી મેળ મેળાપથી દરેકને કામ લાગો એ રીતે એકતા સાચવશો તો ઠીક રહેશે. નહીં તો ધાર્મિક બાબતોમાં તથા ધાર્મિક સ્થળોમાં ભેળસેળ કરી તો એનો અંજામ શું થશે તે આ કિતાબના લેખોમાં વાંચી લેશો.

પ્રસંગોપાત **"બરકાતે ખ્વાજા" (માસિક)**માં આ વિષયને અનુલક્ષીને જે લેખો લખવામાં આવ્યા હતા તેને પબ્લિકમાં બહોળો પ્રચાર મળે અને ગલત માર્ગે જતા મુસ્લિમ ભાઈ બહેનોને સહી માર્ગ મળે એ નિય્યતે અત્રે રજૂ કરીએ છીએ. ભાઈઓ ! જો તમે ધાર્મિક ભેળસેળીયા પ્રોગ્રામો કરવા લાગશો અને ઈમાન પર નહીં રહી શકો તો કઈ કૌમ રહેશો ?! કેવળ નામના મુસલમાન !

❊ કૌમ મઝહબસે હૈ,

મઝહબ જો નહીં તુમ ભી નહીં ! ❊

આજે મુસ્લિમ કૌમની ભલાઈના, મુસ્લિમ કૌમને

પછાતપણામાંથી, અભણતામાંથી બહાર લાવવા પ્રોગ્રામો થાય છે, અખ્બારો ભરી ભરીને ફોટાઓ છપાય છે, પણ એમાં એવા લોકો મોટાભાગે જોવા મળે છે કે જેઓ મઝહબની મર્યાદાઓને વટાવીને ઈસ્લામથી બહાર થઈ ચૂકેલા છે ! આજે મુસ્લિમ કૌમના નામે સેવાના ઝંડાધારીઓ એવા છે કે કુર્આન હદીષની રૂએ હકીકતમાં તેઓ મુસ્લિમ જ નથી ! કેવળ મૌલાના તથા ડોકટર, પ્રોફેસર વગેરેનાં મુસ્લિમ નામો જ છે. ઈસ્લામના જે પાયાના સિદ્ધાંતો છે, જે મર્યાદાઓ છે કે જેને તોડનાર ઈસ્લામથી બહાર થઈ જાય છે તેની આરપાર નીકળી ગયેલા જ એ ટોળામાં મોટાભાગે જોવા મળે છે. તો વળી કેટલાક કહેવાતા પીરઝાદાઓ તથા બની બેઠેલા પીર બાવાઓ પણ એમાં આગળ આગળ જોવા મળે છે.

બસ ! મુસ્લિમ કૌમને ઈમાન તથા ઈસ્લામની મર્યાદામાં રહીને સર્વ કૌમોથી એકતા જાળવવાની અપીલ સાથે વિનંતિ કે પ્રસ્તુત કિતાબનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી કોઈપણ કદમ ભરો તો સાચવીને ભરશો જેથી ખોટા ભરમોમાં રાચ્યા રહીને આખેરતમાં ક્યાંક હમેશાંની જહન્નમમાં ન સપડાય જાવ.

દોસ્તો ! અમારું કામ ચાર રસ્તા પરના સિગ્નલ જેવું છે, એની રેડ લાઈટને ધ્યાનમાં ન લેનારનો અંજામ શું આવે છે તે તમો સમજી શકો છો ! પણ યાદ રાખશો રેડ સિગ્નલ તોડનાર ઘાયલ થશે કે જાનથી જશે, અહીં તો શરીઅતની ઈમાન સંબંધી બાઉન્ડરીને જે તોડશે તે તો જાનથી અધિક કિંમતી ઈમાનથી જ હાથ ધોઈ બેસશે ! એથી વિશેષ કહેવા કરવાની અમારી શક્તિ નથી.

લિ. **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) તા. ૨૮/૮/૨૦૦૭

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

કેટલાક ભાઈઓ હિંદુ મુસ્લિમ એકતાના નામ પર એવાં નિવેદનો તથા કૃત્યો જાહેર કરી રહ્યા છે કે જેને કરનાર ઈસ્લામના વર્તુળથી જ બહાર નીકળી જાય છે. જેથી મુસલમાનોના સહી માર્ગદર્શન માટે પ્રસ્તૂત લેખ રજૂ કરીએ છીએ :–

(લેખ નં. ૧)

હે ઈમાનવાળાઓ ! સાવધાન ! ખબરદાર !

કહેવાતી એકતાની ભયાનક ભીતરમાં ડોકિયું !!

દશ્ત તો દશ્ત હૈ દરયા ભી ન છોળે હમને
બહરે ઝુલ્માત મેં દૌળા દિયે ઘોળે હમને
દી અઝાનેં કભી યૂરપ કે કલીસાઓંમેં
કભી અફ્રીકા કે તપતે હુએ સહરાઓંમેં
શાન આંખોં મેં ન જચતી થી જહાંદારોં કી
કલ્મા પળ્હતે થે હમ છાઓંમેં તલવારોં કી
વો ઝમાને મેં મોઅઝ્ઝઝ્ થે મુસલમાં હોકર
ઔર હમ ખાર હુએ તારિકે કુર્આં હોકર

એક સમય એવો હતો કે મુસલમાન જ્યાં જ્યાંથી પસાર થતો ત્યાંની દરો દીવારેથી અલ્લાહના એક હોવાના કલમાનો અવાજ આવતો. વરસોથી કુફ્ર શિર્કમાં પડેલા લોકો, વરસોથી આગ તથા પથ્થરની પૂજા કરનારાઓ પળવારમાં એક અલ્લાહની ગવાહી આપવા લાગતા અને ઈસ્લામમાં પ્રવેશી જતા હતા. કોણ નથી જાણતું ! હાલની દુનિયા લાખ જૂઠલાવે પણ ઈતિહાસ સાક્ષી છે કે રસૂલે ખુદા ﷺ ના એક ઈશારા પર કાફિરના હાથમાં કાંકરીઓ કલમો પઢતી હતી, રસ્તે ચાલતાં પહાડ પથ્થર રસૂલે પાક ﷺના વિશે અલ્લાહના રસૂલ હોવાની ગવાહી આપતા હતા, વનસ્પતિ ઝાડો રસૂલે ખુદાના વિશે ગવાહી આપતાં હતાં, મૂર્તિઓ સજદામાં પડી જતી હતી.

અરે ! રસૂલ તો રસૂલ છે, આપના ગુલામોના ગુલામોના કમાલનો એ આલમ હતો કે જે વસ્તીમાં થઈને પસાર થતા બલ્કે ગૈરોના ધાર્મિક સ્થળોએથી પસાર થતા તો તેમના પૂજારીઓને ઈસ્લામની હક્કાનિયત એક પળના ચમત્કારમાં સમજાવી દેતા અને વરસોથી ગૈર ખુદાને ઝુકનારા તૌબા કરીને એક અલ્લાહની ઈબાદતમાં લાગી જતા ! ઉલ્ટાવો ઈતિહાસનાં પાનાંઓ અને જોઈ લો કે મુસલમાનની શું શાન હતી !

એક વાર એવો જ એક મર્દે ખુદા બગદાદની ગલીઓમાંથી પસાર થઈ રહ્યો છે. તેની નજર અગ્નિપૂજકો પર પડી. એ મર્દે હક્કે તે પૂજારીઓને બોલાવ્યા. તેમણે એ મર્દે હક્ક તરફ જોયું તો આપના ઈમાની પ્રભાવથી તેઓ ભયભીત થઈ ગયા અને આપના કદમોમાં ઝુકી પડયા. આપે પૂછયું, "નાદાનો ! અગ્નિને શા માટે પૂજો છો અને ખુદા પાકની પૂજા શા માટે નથી કરતા ?" તે લોકોએ જવાબ આપ્યો, "અમે દોઝખની આગથી ઘણો જ ભય

અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ.'' તે મર્દે હક્કે કહ્યું, ''આગ તો અલ્લાહની તાબે છે, તેના હુકમ વિના કોઈને બાળી શક્તી નથી.'' તેમણે કહ્યું, ''આપ ખુદાની ઈબાદત કરો છો તો શું આગ આપને બાળશે નહીં ?!'' તે મર્દે હક્કે કહ્યું કે, ''ખુદાના હુકમ વગર આગ મને તો શું મારી જુતીઓને પણ બાળી નથી શક્તી ! ''આમ કહીને આપે જુતીઓ આગમાં ફેંકી દીધી અને ખુદાના હુકમથી આપની જુતીઓ પર આગની જરાય અસર ન થઈ ! તો આ ચમત્કાર (કરામત) જોઈને અગ્નિપૂજકો તૌબા કરીને મુસલમાન થઈ ગયા. જાણો છો એ બુઝુર્ગ કોણ હતા ? એ હતા સુલતાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ ! (رحمۃ اللہ علیہ)
(મસ્સાલિકુસ્સાલિકીન, ભાગ–૨, પેજ–૨૮૫)

આવાં અસંખ્ય દષ્ટાંતો ઈસ્લામી ઈતિહાસમાં જોવા મળે છે કે મર્દે મો'મિનની નિગાહો પડતાં જ કુફ્રો શિર્કનાં માળખાં વિખેરાઈને વરસોના શિર્કમાં ખૂપેલા લોકોના દિલોની દુનિયામાં ક્રાંતિ સર્જાઈ જતી હતી અને તેઓ એક અલ્લાહની તથા મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તેના રસૂલ હોવાની ગવાહી આપવા માંડતા હતા.

અફસોસ ! કે આજે પરિસ્થિતિ તદ્દન વિપરિત થતી જઈ રહી છે. આજે ઈસ્લામનો કલ્મો પઢનારા જ એકતાના નામે ક્યાંક પૂજાવિધિઓમાં ભાગ લેવા માંડયા છે, તો વળી ક્યાંક મૂર્તિનાં સરઘસોનાં સ્વાગત માટે ઉભેલા જોવા મળે છે, મૂર્તિ પૂજકો તેમજ તેમના મઅબૂદોને હારમાળાઓ પહેરાવી તેમનું સન્માન કરી રહ્યા છે, તો ક્યાંક કહેવાતા મુસલમાનો તથા બની બેઠેલા દુનિયવી રીતે એજ્યુકેટેડ પણ કુર્આન હદીષના ઈલ્મથી અજ્ઞાન સજ્જાદાઓ તથા પીરઝાદાઓ ગૈરખુદાની ઈબાદત કરનારાઓનાં ધર્મગુરૂઓને સમૂહ લગ્નોના પ્રોગ્રામોમાં તેમજ

અન્ય ધાર્મિક પ્રોગ્રોમોમાં બોલાવીને તેમનું સન્માન કરી તેમના આર્શિવાદ મેળવવાને ગર્વ સમજવા લાગ્યા છે ! ખાનકાહો પર કોઈ એવાનું તથા રાજકરણીનું આગમન તેમના માટે અતિ ગર્વની વાત બની ગઈ છે ! દુનિયાવી લાભ અને લોકોમાં વાહ વાહ પામવાની લાલચમાં જહન્નમની રાહ પકડી બેઠા છે. આવો ! એના અનુસંધાનમાં શરીઅતે ઈસ્લામિયાનો હુકમ જોઈ લો !

સવાલ : શું ફર્માવે છે દીન તથા મિલ્લતના મુફતીઓ આ મસ્અલામાં કે કોઈ ગૈર મુસ્લિમ ધર્મગુરૂને દીની જલસામાં બોલાવવા, તેમના સન્માન માટે ઉભા થવું કેવું ? તથા એવું કરનારાઓ માટે શરીઅતનો હુકમ શું છે ?

જવાબ : હનફી ફિકહની વિશ્વાસપાત્ર કિતાબ ''તબયીનુલ્ હકાઈક, ભાગ–૧, પેજ–૧૩૪ પર છે :–

قد وجب علیهم اهانته شرعاً એટલે કે ''શરીઅતની રૂએ મુસલમાનો પર ફાસિકે મોઅલિન (ખુલ્લમ ખુલ્લા હરામ કામો કરનાર)ની તૌહીન વાજિબ છે.''

જેથી જ્યારે ફાસિક મુસલમાનની તૌહીન વાજિબ અને તેની તાઝીમ જાઈઝ નથી તો જણાવેલ ગૈર મુસ્લિમ શખ્સને જલસામાં બોલાવવો અને તેનું માન સન્માન કરવું એથી અધિક નાજાઈઝ છે. જે લોકોએ એવું કર્યું તેમના પર શરીઅતની રૂએ તૌબા લાઝિમ છે. *(**જવાબ લખનાર** : જલાલુદ્દીન અહમદ અમજદી, દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી, યુ.પી. બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક, દિલ્હી, જાન્યુઆરી–૨૦૦૫)*

ગૈર કોમોના ધાર્મિક તહેવારોના પ્રસંગે નીકળતા મેળાવડાઓમાં કહેવાતા કોમી એકતાનો ઢોંગ રચનારા તકસાધુઓ અને સ્વાર્થી રાજકરણીઓ તથા અમુક દીની ઈલ્મથી કોરા દુનિયાપરસ્ત

પીરઝાદાઓ ગૈરોના મઅબૂદોને તેમજ તેમના ગુરૂઓને હારતોરા પહેરાવી સન્માનતા ફોટાઓ તથા સમાચારો વર્તમાનપત્રોમાં અવાર નવાર જોવા મળતા હોય છે.

એકતાનો મતલબ એ માન્ય છે કે મુસલમાનોએ અન્ય કૌમો સાથે શાંતિપૂર્ણ રીતે અને શરીઅતના વર્તુળમાં રહીને સુમેળભર્યો વહેવાર રાખવો જોઈએ, દુનિયાવી એતબારથી એકબીજાને સહકારી થવું જોઈએ, નાહક ઝઘડાઓથી વેરઝેર ઉભુ ન કરવું જોઈએ, આપણા પ્રિય વતનને ખાતર જાન માલની કુર્બાની માટે તત્પર રહેવું, જેમ કે જંગે આઝાદી વખતે અંગ્રેજો સામે લડવામાં સૌ ખભેખભા મિલાવી લડયા હતા. એના માટે હિંદનો ઈતિહાસ સાક્ષી છે, એ તો દરેક જાણે સમજે છે. પણ ઈસ્લામમાં જે ચીજો જરૂરિયાતે દીનમાંથી છે, એક ઈમાનવાળા માટે જે પાબંદીઓ અને જે હદો છે તેને તોડીને હદ પાર નીકળવાનું કોણે કહ્યું ?! ઈસ્લામી વર્તુળમાંથી નીકળી જઈને ગૈરોમાં ભળી જવાની છૂટ ઈસ્લામમાં કોણે આપી ? એકતાની મિટિંગોમાં સમારંભોમાં મોટાભાગે આ જ વાતો ઉચ્ચારવામાં આવે છે કે, "અલ્લાહ અને ભગવાન, રામ તથા રહીમ એક છે.... વગેરે." પણ યાદ રાખશો ! અલ્લાહ અલ્લાહ છે, તે એક જ છે, તેને ન કોઈ મા બાપ કે ઔલાદ છે, ન તેનું કોઈ સ્વરૂપ કે આકાર છે, ન તેને કોઈએ બનાવ્યો છે બલ્કે સર્વ સૃષ્ટિનો સર્જક એક અલ્લાહ છે. જ્યારે ભગવાનનાં કેટલાંય સ્વરૂપો માનવામાં આવે છે, તેને માં, બાપ, પત્ની, ઔલાદ વગેરે માનવામાં આવે છે, તેની મૂર્તિ માણસ બનાવે છે, ... વગેરે." તો હવે જો કોઈ કહેવાતો મુસલમાન, પીર કે પીરઝાદો કે રાજકરણી કે સત્તાધારી કે પછી ગમે તે કલ્મો પઢનારો ઉપરોક્ત શબ્દો કે, "અલ્લાહ તથા ભગવાન,

રામ–રહીમ એક જ છે" એને ઉચ્ચારશે તો તે કાફિર થઈ જશે. જેમણે આવુ કર્યું હોય તેઓ જાહેરમાં તૌબા કરે અને કલ્મો પઢે, નિકાહ દોહરાવે અને ખોટા ઢોંગ ત્યજી દે, નહીં તો આખેરતમાં ભયાનક અઝાબના હક્કદાર ઠરશે.

જ્યાં સુધી એ બાબતની જાહેરમાં તૌબા કરી કલ્મો પઢશે નહીં ત્યાં સુધી તેઓ કાફિર જ રહેશે. અને તૌબા વિના મરશે તો યકીનન જહન્નમી બનશે. આ ઈસ્લામી ઉસૂલ છે.

★ બની બેઠેલા તૌહીદના ઠેકેદારો અહીં કેમ ગુંગા છે ! ★

વળી આશ્ચર્યની વાત તો એ છે કે વહાબી દેવબંદીઓ, પોતે તૌહીદના ઠેકેદાર હોવાના ઢોંગી દાવેદારો જ્યારે અલ્લાહના રસૂલ ﷺ માટે કે અલ્લાહના વલી માટે તાઝીમની વાત આવે છે તો શિર્ક ! શિર્ક ! ની બૂમો પાડી ઉઠે છે ! તો તેઓ બતાવે કે નીચેના સમાચાર જોતાં શું તેમણે શિર્ક નથી કર્યું ?!

"ગુજરાત ટુ ડે, તા. ૨–૦૩–૦૪ માં તારાપુરના મૌલાના અ.અહદ તથા કુા. એ શોભાયાત્રાનું સ્વાગત કરી ગુરૂને ફૂલહાર પહેરાવ્યા તે વાંચો તેમજ તા. ૧૪–૦૬–૦૪ ના દૈનિક પત્રમાં છત્રીવાળા સિંહાસન પર બેઠેલા એક ગૈર મુસ્લિમ ધર્મ વડાને શાલ ઓઢાડીને જમીયતે ઉલમાએ હિંદના પ્રમુખ મૌલાના અસદ મદની તેમની તાઝીમ કરી રહ્યા છે અને મહામંત્રી મહમૂદ અસદ મદની તાઝીમમાં (સન્માનમાં) બાજુમાં ઉભેલા છે. એનો ફોટો દર્શાવ્યો છે." *(એક સમાચાર)*

થોડા વરસો પર નકલી દાંડીયાત્રા નીકળી હતી ત્યારે દા.ઉ. કંથારીયા (ભરૂચ)વાળાએ તેનું સ્વાગત કરી જયોતને હાર પહેરાવ્યો અને બદામનું શરબત તે જુલૂસમાંના યાત્રાળુઓને

પીવડાવ્યું. વિચારો ! મીલાદુન્નબી ﷺ નું જુલૂસ બિદઅત ! તથા તેની તાઝીમ શિર્ક ! અને આ કઈ સુન્નતો તેઓ અદા કરી રહ્યા છે ! છે કોઈ ઈન્સાફ કરનાર ?! શું શરીઅત તેમના ઘરની છે કે મન ફાવે ત્યાં "શિર્ક શિર્ક" કરે અને મન ફાવે ત્યારે પોતે જ "શિર્ક" કરે ! છતાં તેમને કોઈ વાંધો ન પડે !

હવે આ મુલ્લાઓને બની બેઠેલા મુસલમાનોના રહબર કહેવા કે તક સાધુ કહેવા ? તમે જ ઈન્સાફથી ફેંસલો કરી લો. શું ગૈરે ખુદાની તાઝીમમાં આ રીતે કિયામ કરનારાઓએ (તાઝીમમાં ઉભા રહેનારાઓએ) તેમના જ કાયદા હેઠળ શિર્ક કર્યું કે નહીં ?! શું એ સ્વામીનો મર્તબો નબી, વલી કરતાંય તેમની નજીક વધારે છે ?! કે નબી વલીની તાઝીમમાં કિયામ કરો તો શિર્ક થાય અને અહીં જાઈઝ ?! ચાલતાં ચાલતાં આ પ્રસંગ પણ જોતા ચાલો :–

★ શું ફત્વો છે દેવબંદી મુફતીઓનો ? આ શિર્ક થયું કે નહીં ?! ★

જામે નૂર ઉર્દૂ મંથલી દિલ્હીના તંત્રી જનાબ ખુશ્તર નૂરાની લખે છે કે, "અત્યારે મારી નજરો સમક્ષ ૧૩–માર્ચ ૨૦૦૬નું હિન્દી દૈનિક પત્ર "દૈનિક જાગરણ" છે. એમાં એકદમ નજરે ચઢી જાય એ રીતે ગયાનવાલી મસ્જિદ (બનારસ)ના ઈમામ તથા મુફતીએ બનારસ મૌલાના અબ્દુલ બાતિન નોઅમાનીનો ફોટો છપાયેલો છે જે સંકટ મોચન મંદિરમાં જઈને મૂર્તિઓના કદમોમાં અકીદત (શ્રદ્ધા)પૂર્વક ઉભા છે અને ત્યાંના પૂજારીથી મૂર્તિઓ પર ચઢાવેલો પ્રસાદ તથા ગંગાજળ લઈ રહ્યા છે. હિંદુઓ સાથે તેમની મહોબ્બત તથા અકીદતને "સૌહાર્દનું દષ્ટાંત" એટલે દોસ્તી તથા અમ્નનું દષ્ટાંત કહીને આ દૈનિકે દાદ આપી છે.

બિનસાંપ્રદાયિક્તા અને ઉદારપણાના નશામાં રહેનાર મુસલમાન શરીઅતની રૂએ આ હરકતની શી સ્પષ્ટતા કરશે ? જો મુફતીએ બનારસની કલમ આ રીતની મહોબ્બત તથા દોસ્તી જાઈઝ હોવાનું દર્શાવે છે તો પછી તેમને ત્યાં ઈમાન તથા કુફ્રનું માપદંડ શું છે ? જે મસ્લકથી એ (મુફતી) સંબંધ ધરાવે છે ત્યાં (દેવબંદીને ત્યાં) ઔલિયાએ કિરામની ચોખટ પર હાજર થતાં જ તૌહીદના અકીદાનો આઈનો દાગદાર થઈ જાય છે, અને વરસો પહેલાંથી એ જ તૌહીદના અકીદાની રક્ષાના નામ પર જેમણે પોતાનો સંબંધ સવાદે આ'ઝમ (અહલે સુન્નત) સાથેથી તોડીને નજદ સાથે જોડી લીધો, તો આશ્ચર્યની વાત છે કે મંદિરમાં જઈને ધોળે દહાડે મૂર્તિઓ સમક્ષ અકીદત તથા મહોબ્બતની શ્રદ્ધાંજલી લૂટાવ્યા પછી પણ તેમના તૌહીદના અકીદાને કોઈ આંચ ન આવી ?! *(જામે નૂર, દિલ્હી, જૂલાઈ–૨૦૦૬)*

અને મહોર્રમની સબીલના પાણી તથા બુઝુર્ગોની ન્યાઝને ખાવી હરામ તથા નાજાઈઝ કહેનાર આ પ્રસાદ વગેરે કઈ કુર્આનની આયત તથા હદીષને દલીલ બનાવીને આરોગી રહ્યા છે ! છે કોઈ દેવબંદનો મુફતી આનો જવાબ આપનાર ?!

★ કોઈના કુફ્રમાં રાજી રહેવું પણ કુફ્ર ! ★

એ સત્ય હકીકત છે કે દીનમાં કોઈ જબરદસ્તી નથી. કોઈના પર બળ પ્રયોગ કરીને કલ્મો પઢાવવાની ઈજાઝત નથી. પણ કોઈના કુફ્રમાં રાજી રહેવું એ પણ કુફ્ર છે. જેવી રીતે રાત અને દિવસ એક સાથે નથી રહી શક્તાં, એવી જ રીતે કુફ્ર તથા ઈસ્લામનું સંગમ અશક્ય છે. કુફ્ર હશે તો ઈસ્લામ નહીં હોય અને ઈસ્લામ હશે ત્યાં કુફ્ર નહીં રહી શકે. માટે દુનિયવી નામના

પામેલી કે કહેવાતી બુધ્ધિજીવી વ્યક્તિના કોઈ નિવેદનથી પણ મુસ્લિમોએ ભરમાવાની કોઈ જરૂરત નથી. જેમ કે કોઈ કહેવાતો મુસ્લિમ હિરો કે ખાનબંધુ કહે કે, ''હું મુસ્લિમ છું, મારી પત્ની ગૈર મુસ્લિમ છે અને મારાં બાળકો બંને ધર્મની તા'લીમ મેળવે છે.'' *(એક સમાચાર)* તો આવાના મુસ્લિમ હોવાના ઈકરાર છતાં તે પોતે જ મુસ્લિમ રહેશે નહીં, કારણ કે (વળી મુસ્લિમના ગૈર મુસ્લિમ સાથે નિકાહ થતા જ નથી. જે થશે હરામકારી અને ઔલાદ હરામની થશે.) જો પત્નીના તથા અન્ય હાથ નીચેનાંના કુફ્રી મઝહબથી તે રાજી છે, તો પોતે જ ઈસ્લામી વર્તુળથી એ બહાર થઈ જશે. એ જ પ્રમાણે એક અન્ય હિરો જણાવે છે કે તેના પિતા મુસ્લિમ છે, નમાઝ પઢે છે, કુર્આન વાંચે છે અને માતા ગૈર મુસ્લિમ છે તે એક જ ઘરમાં પૂજાપાઠ કરે છે વગેરે... *(એક સમાચાર)*

આવો ! જુઓ ! ઈસ્લામી શરીઅતનો કાનૂન આ બાબતે શું છે ? ધ્યાનથી વાંચો અને પ્રસંગોની તથા શબ્દોની ગંભીરતાને સમજો :–

સવાલ : એક કાફિરે એક આલિમે દીનને કહ્યું કે હું મુસલમાન બનવા માટે આપની પાસે આવ્યો છું, મને ઈસ્લામનો કલ્મો પઢાવી દો. એના જવાબમાં આલિમ સાહબે કહ્યું, જાવ ! ગુસ્લ (સ્નાન) કરીને આવો. તો એના વિશે શરીઅતનો શું હુકમ છે ?

જવાબ : દર્શાવેલ સંજોગોમાં તે આલિમ પર તૌબા કરવી, કલ્મો પઢવો અને નિકાહ દોહરાવવો અનિવાર્ય છે. કેમ કે ગુસલ (સ્નાન) કરવાના સમય સુધી તે કુફ્ર પર રાજી રહ્યા કે જે સમયે તે કાફિરે આલિમે દીનને કહ્યું કે મને ઈસ્લામનો કલ્મો પઢાવી દો,

તો આલિમ પર ફર્ઝ હતું કે તુરત જ પઢાવી દઈને મુસલમાન બનાવી દેત, પણ તેમણે એવું નથી કર્યું, બલ્કે ગુસલ કરીને આવવાનો હુકમ આપ્યો. જ્યારે કે ઈસ્લામ લાવવા માટે ગુસ્લ જરૂરી નથી.

શરહે ફિકહે અકબર, પેજ–૨૧૮ માં છે :–

كافر قال لمسلم اعرض على الا سلام فقال اذهب الى فلان العالم كفر لانه رضى ببقائه فى الكفر الى حين ملازمة العالم ولقائه۔

અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે :–

ومـن المكفرات ايضاً ان يرضى بالكفر ولو ضمنا كان يسأله كـافـر يريد الاسلام ان يلقنه كلمة الاسلام فلم يفعل اويقول لـه اصبـر حتـى افـرغ من شغلى او رخطبتى لو كان خطيباً۔

–*(ફતાવા મુસ્તફવિયહ્, ભાગ–૧, પેજ–૨૨)*

અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : સમીરુદ્દીન ચિશ્તી મિસ્બાહી *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ, ઓઝગંજ, બસ્તી, યુ.પી., બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક–દિલ્હી, સપ્ટેમ્બર–૨૦૦૪)*

વિચારો ! જ્યારે ગુસ્લ કરવા જેટલો સમય પણ બલ્કે પળવાર પણ મુસલમાન કોઈના કુફ્રમાં રાજી રહે તો તે પોતે જ ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાઈ જાય છે, તો પછી જીવનભર પત્ની બનીને રહે અને ઘરમાં ગૈર ખુદાની પૂજામાં રહે તો એના પર રાજી રહેનાર વ્યક્તિ કઈ રીતે મુસલમાન ગણાશે ? માટે કહેવાતા રાજકરણી મુસ્લિમ લીડરો તથા પીરઝાદા કહેવાતા માણસો મૂર્તિઓની પૂજા તથા પ્રાણ પ્રતિષ્ઠાની તથા ભૂમિ

પૂજનના તથા અન્ય શિર્કમય સરઘસોની વિધિમાં હાજરી આપી લોકોની વાહ ! વાહ ! તો કમાઈ શકે છે પણ ઈસ્લામથી દૂર ફેંકાઈ જશે એ નિશ્ચિત વાત છે.

ઈસ્લામી કાનૂન છે કે **કોઈ દેખાવ પૂરતો, નાટક પૂરતો કે રોલ ભજવવા પૂરતો પણ કુફ્રી વાણી બોલે અથવા ઉપર જણાવ્યાં તેવાં કામો કરે અથવા કાફિરો જેમ ટીલક, જનોઈ વગેરે કાફિરોનો મઝહબી લિબાસ પહેરે તો એ પણ ઈસ્લામના વર્તુળથી નીકળી જાય છે** તેની સર્વ મુસ્લિમોએ નોંધ લેવી જોઈએ. તેમજ કોઈ મુસલમાન કોઈ ગૈરના મૃત્યુ પર તેને "સ્વર્ગસ્થ, વૈકુંઠવાસી કે જન્નતી વગેરે" કહી શ્રધ્ધાંજલી આપે તેમજ અલ્લાહ સિવાય કોઈના માટે **"પૂજ્ય"** શબ્દ વાપરે જેનો અર્થ છે **"પૂજાને લાયક"** તો એણે પણ તૌબા જાહેર કરવી અનિવાર્ય છે કારણ કે ઈસ્લામમાં ખુદા સિવાય કોઈ પૂજા (ઈબાદત)ને પાત્ર નથી. તેમજ કેટલાક ગૈર મુસ્લિમ વ્યક્તિને **"મહાત્મા"** શબ્દથી સંબોધે છે, જ્યારે કે મહાત્મા એટલે **"રૂહુલ કુદ્સ"** એ લકબ હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم નો છે, કાફિરને મહાત્મા કહેવું **કુફ્ર** છે. માટે એનાથી પણ બચવું જોઈએ. અને જેમણે એવાં કૃત્યો કર્યાં હોય તેમણે સત્વરે તૌબા કરી લઈ પોતાની આખેરત સંવારી લેવી જોઈએ.

મુસલમાનો પર સૌ કામોથી અવ્વલ ફર્ઝ એ છે કે જરૂરિયાતે દીનમાં કઈ કઈ વાતો છે તેને શીખે, સમજે. કેમ કે જરૂરિયાતે દીનનો મુન્કિર તથા તેને ત્યજનાર ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જાય છે. અને જો ઈમાન જ નહીં હોય તો પછી સર્વ અમલો બેકાર જશે અને જહન્નમ ઠેકાણુ થશે. (અલ્લાહની પનાહ !)

(બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, ૧–જાન્યુ.–૨૦૦૫)

(લેખ નં. ૨)

Unity of Religions (ધર્મોની એકતા) એક ગૈર ઈસ્લામી ખયાલ !!

"اِنَّ الدِّیۡنَ عِنۡدَ اللّٰہِ الۡاِسۡلَامَ"

"બેશક ! અલ્લાહની નજીક પસંદીદા દીન ઈસ્લામ છે !"

દીને ઈસ્લામ પર અડગપણે રહેવાની નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની તા'લીમથી વિમુખ કરવા માટે યૂરોપ તથા અન્ય પશ્ચિમીઓ સેંકડો વરસોથી તનતોડ કોશિશ કરતા આવ્યા છે. તેમણે આગલી સદીઓમાં ઘણી મેદાની જંગો મુસલમાનો સાથે લડી પણ ત્યારના ઈસ્લામના દીવાના સાચા મુસલમાનો, ઈશ્કે નબી صلی اللہ علیہ وسلمના મતવાલા મુસલમાનો, રસૂલે પાક صلی اللہ علیہ وسلمના ક઼ૌલ પર ગરદન ઝુકાવી દેનારા દીવાનાઓ થકી તેઓ સતત હાર તથા માર ખાતા રહ્યા અને ઈસ્લામના વિકસતા રેલાને ન રોકી શક્યા, તો તેમણે નવી તરકીબ સોચી અને મુસલમાનોમાં વૈચારિક ક્રાંતિ લાવવા ષડયંત્રો રચ્યાં અને ઈસ્લામની પાયાની માન્યતાઓમાં શંકા કુશંકાઓ ઉભી કરનારી ભાડુતી વ્યક્તિઓ જાસૂસો ઉભા કરી તેમના થકી મુસ્લિમોમાં વિખવાદ ખડો કર્યો. જેમ કે વહાબિયત દેવબંદિયતનો ઈતિહાસ એનું ઉઘાડુ દૃષ્ટાંત છે. યૂરોપ તથા અંગ્રેજોના એ જ ખતરનાક ષડયંત્રને મેહસૂસ કરીને તો ડો. ઈકબાલે કહ્યું હતું :–

ફ્રિક્રે અરબ કો દે કે ફિરંગી તખૈયુલાત
ઈસ્લામ કો હિજાઝો યમનસે નિકાલ દો
વો ફાક઼ાકશ કે મૌતસે ડરતા નહીં ઝરા
રૂહે મુહમ્મદ ઉસકે બદનસે નિકાલ દો ﷺ

★ હે મુજદ્દિદ અલ્ફેષાની !
કૌમને ફરી તમારી જરૂરત છે ! ★

ઈ.સ. ૧૭મી સદીમાં પણ એ જ ફિરંગી જેવી ચાલ ચાલીને પોતાનું સામ્રાજ્ય વિસ્તારવા તથા મજબૂત કરવાના આશયથી રાજા અકબરે વિવિધ ધર્મોની તા'લીમ, રસ્મો રિવાજ તથા માન્યતાઓની ભેળસેળ કરીને એક નવા ધર્મ દીને ઈલાહીનો પાયો નાખ્યો હતો અને "**ધર્મોની એક્તા**"નું ગુમરાહ કરનાર તૂત ઉભુ કર્યું હતું. જેના પરિણામે કલમા તયબહની જગાએ "અકબર ખલીફતુલ્લાહ" પઢાવા લાગ્યું, સુવ્વર તથા કૂતરાંઓની તા'ઝીમ થવા લાગી, સન્માનના નામે અકબરને સિજદો થવા લાગ્યો, ગૈર ધર્મોમાં શાદી વિવાહ આમ થવા લાગ્યો, પર્દા ઉપર પાબંદી લાગી અને બેપર્દગી આમ થઈ ગઈ, દારૂપાન તથા જૂગારબાજીને ઉત્તેજન મળ્યું, હિંદુ મુસ્લિમ એકતાનો નારો લાગ્યો અને ઈસ્લામી નિશાનીઓની સરેઆમ મઝાક ઉડાવવામાં આવવા લાગી. રાજા તરફથી સર્વ ધર્મના તહેવારો મનાવવામાં આવવા લાગ્યા અને એ પબ્લિકમાં આમ થવા લાગ્યું.

આ કુફ્ર તથા અધર્મીપણાના પૂર સામે હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી رحمة الله عليه એ જો બંધ ન બાંધ્યો હોત તો મુસલમાનોની ધાર્મિક ખાસિયત ક્યારની દમ તોડી ચૂકી હોત. અલ્લાહ રહમતોની બૌછાર વરસાવે એમની

કબ્રે અન્વર પર જેમના મુજાહિદાના કિરદારથી પ્રભાવિત થઈને ડૉ. ઈકબાલે કહેવું પડયું કે :–

ગરદન ન ઝુકી જિસ્કી જહાંગીર કે આગે
જિસકે નફ્સે ગર્મસે હૈ ગર્મીએ અહરાર
વો હિંદમેં સરમાયાએ મિલ્લત કા નિગેહબાન
અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો ખબરદાર

કુફ્ર તથા અધર્મીપણાના આ સરકશ (વિદ્રોહી) તોફાન પર તે સમયે તો લગામ આપી દેવામાં આવી પણ વરસોથી આંતર રાષ્ટ્રીય કક્ષાએ ઈસ્લામ વિરૂધ્ધ પશ્ચિમે જે માન્યતાઓ સંબંધી જંગ છેડી હતી તેના પર બ્રેક ન લગાડી શકાયી. પશ્ચિમમાં ઈસ્લામ વિરૂધ્ધ તથા ઈસ્લામના કાનૂનો વિરૂધ્ધ ગલત ફહમીઓ ખડી કરવાની ચળવળ તથા પૂર્વમાં અકબરના દીને ઈલાહી પછી હિંદુસ્તાનમાં મુસ્લિમ પર્સનલ લોને ખત્મ કરીને 'સમાન સિવિલ કોડ' લાગુ કરવાની કોશિશ, મદ્રસા તથા મસ્જિદો પર હુમ્લા, અસલ જેહાદ વિરૂધ્ધ ગલત અફવાઓ, દારુલ કઝાની બંધારણ માન્ય હૈસિયતને ખત્મ કરવાની કોશિશ, પશ્ચિમમાં આઝાદ ખયાલ, ધર્મથી પર અને કહેવાતા એડવાન્સ ખયાલવાળા મુસલમાનોને ઉત્તેજન, હિંદુસ્તાનમાં આવારા વિચારધારવાળા, બિનસાંપ્રદાયિક (ધર્મથી નિસ્બત વિનાના) મિજાઝવાળા, લાલચુ લોભીયા મુસ્લિમ સાહિત્યકારો, બુદ્ધિજીવીઓ અને આલિમોને પીઠબળ આપવું અને બિન સાંપ્રદાયિક્તા તથા ધર્મોની એકતા, વિવિધ મઝહબોની એકતા, ધર્મોના સન્માન, અને ધર્મોના સ્વીકારનો નારો એ પશ્ચિમની ઈસ્લામ વિરૂધ્ધની એ જ સાંસ્કૃતિક તથા વૈચારિક જંગનો હિસ્સો છે, જેથી કરીને મુસલમાનોને બિનસાંપ્રદાયિક અને બીજા શબ્દોમાં હિંદુ કૌમી ધારામાં વહાવીને

તેમની ઓળખ અને તેમના જીવનની પૂંજીને તેમની પાસેથી છીનવી લેવામાં આવે. મુસલમાનો વિરૂધ્ધ આ એક એવું આયોજનપૂર્વકનું કાવત્રુ છે જેને ઉઘાડુ પાડવું આજે દીની જિમ્મેદારો માટે વાજિબ થઈ ગયું છે. કેમ કે વૈચારિક ગુમરાહીની આ એવી ખતરનાક ચળવળ છે જ્યાં એક મુસલમાન પોતાની જ તલ્વારથી પોતાની ગરદન મારી લે છે ! અને તેને તે તલ્વાર પર લોહીનો ડાઘો પણ જોવા નથી મળતો ! આ વૈચારિક ગુમરાહીની અસર હેઠળ મોટા મોટા કહેવાતા મુસ્લિમ બુદ્ધિજીવીઓ, સાહિત્યકારો, એટલે સુધી કે કહેવાતા આલિમો મૂર્તિઓના ચરણોમાં કશાય ખચકાટ વિના પોતાના ઈમાન તથા અકીદાને લૂંટાવાથી નથી રોકી શક્યા તો પછી એક સામાન્ય મુસલમાનની તો વાત જ શું ?

આ બાબતે વાસ્તવિક્તાનું ચિત્ર રજૂ કરતાં મહાન આલિમે દીન હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી *(તંત્રી : કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી)*એ જણાવ્યું છે કે :–

''હિંદના મુસ્લિમોની ધાર્મિક તથા કૌમી ખાસિયતો કોમવાદી માનસ ધરાવતા તત્વોની નજરમાં ખાસ કાંટાની જેમ ખટકી રહેલ છે. તેઓ ઈચ્છે છે કે મુસલમાનો પોતાની આ વિશિષ્ટતાઓ તથા આ સૌથી અલગ પડતી ઓળખાણને ખત્મ કરીને હિંદુત્વના કોમીધારામાં વહેવા લાગે, કશાય ચંચુપાત કર્યા વિના પોતે પોતાને એના અંદર ભેળવી દે એટલા માટે તેઓ કદી ઈસ્લામ તો કદી કુર્આન તો કદી મુસ્લિમ પર્સનલ લો તો ક્યારેક મસ્જિદો કદી મદ્રસાઓ કદી ખાનકાહો કદી કબ્રસ્તાન (દરગાહો)ને પોતાના કટ્ટરવાદનું નિશાન બનાવતા રહે છે. કૌમવાદી તત્વોની લાંબા સમયની ખ્વાહિશ એ જ છે કે હિંદના મુસ્લિમ પોતાની ધાર્મિક

વિશિષ્ટતાઓ ખાસિયતોને છોડીને પોતાના ભૂતકાળને ભૂલી જાય. જ્યારે કે મુસલમાન કદી પણ કોઈ કિંમતે પણ કોઈ સંજોગોમાં પણ પોતાની ઈસ્લામી ખાસિયતોને ત્યજવા ન અત્યારે તૈયાર છે ન ભાવિમાં કદી તૈયાર થશે. તે આવી ભયાનક ગલતી કરીને પોતાને મૃત શરીર તથા રૂહ વિનાની લાશ જેમ કેમ કરીને બનાવી શકે છે ?'' *(મૌલાના મિસ્બાહી, જામે નૂર, નવે–૦૪)*

★ વૈચારિક ગુમરાહીની એક અધિક ચળવળનો પ્રારંભ ! ★

૧૫ ઓક્ટોબર ૨૦૦૩ના રોજ સૂરત (ગુજરાત) ખાતે ગુજરાતના કૌમી તોફાનોના માહોલનો લાભ ઉઠાવીને (માજી) રાષ્ટ્રપતિ ડો. એ. પી. જે. અબ્દુલ કલામે એક મિટિંગ રાખી. આ ખાસ મિટિંગમાં દેશના વિવિધ ધર્મો ઈસ્લામ, હિંદુ, બુદ્ધ, ઈસાઈ, સિખ, જૈન વગેરેના લીડરોને ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું. એ મિટિંગમાં ડો. અબ્દુલ કલામે 'સૂરત રૂહાની એલામિયા' **Surat Spiritual Declaration** (સૂરત આધ્યાત્મિક એલાન) શરૂ કર્યું. જેમાં મઝહબોની એકતા, ધર્મોનુ જોડાણ, ધર્મોની તા'ઝીમ, ધર્મોની કબૂલિયત, સર્વ ધર્મ સામૂહિક પ્રાર્થના, લંગર તથા તહેવારોનું આયોજન, સર્વ ધર્મોની એકતા પર કિતાબો લખવી અને તમામ ધર્મોની સાંસ્કૃતિક બાબતોના વિકાસની તજવીઝ રજૂ કરવામાં આવી. જેના પર સર્વ ધર્મના લીડરો (રહનુમાઓ)એ કહેવાતા મુસલમાનોના ધાર્મિક વડાઓ સહિત સર્વેએ સહીઓ કરીને ''દીને ઈલાહી''ના નવ સર્જનનું એલાન કરી આપ્યું અને પછી સર્વ ધર્મોના લીડરોએ એ **Surat Spiritual Declaration**ને આગળ વધારતાં દેશના તમામ વતનીઓથી ધાર્મિક ઓળખ અને ખાસિયત ખત્મ કરીને તે જ

રાષ્ટ્રીય ધારામાં જોડવાના માટે એક સંસ્થાની સ્થાપ્ના પર વિચાર વિમર્શ કર્યો જેના પરિણામે જૂન ૨૦૦૪ના રોજ નવી દિલ્હીમાં એક સંસ્થાની સ્થાપ્ના અમલમાં આવી જેનું નામ સર્વ સંમતિથી **Foundation for unity of religions and Enlightened citizenship** રાખવામાં આવ્યું જેને ટૂંકમાં **ફ્યૂરિક (Furec)** કહેવામાં આવે છે.

અત્યારે "સૂરત રૂહાની એ'લામિયા" (સૂરત આધ્યાત્મિક એલાન) તથા "ફ્યૂરિક"નું બંધારણ અમારી સામે જ છે એ બંનેનાં બંધારણ તથા હેતુઓને રજૂ કરતાં પહેલાં આવો ! જેણે આ એ'લામિયા (એલાન)ને શરૂ કરેલ છે તેની ધાર્મિક દષ્ટિએ શું પોઝિશન છે ? અને કેવા માહોલમાં તેનો ઉછેર થયો છે ? ઘરેલુ કેળવણી તથા સ્થાનિક એરિયાનો માહોલ માનવની વિચારધારા તથા વ્યક્તિત્વના ઘડતરનું પ્રતિબિંબ હોય છે, એ એંગલથી આપણે ડો. અબ્દુલકલામનું નિરીક્ષણ કરીશું તો આપણને **એઅ્લામિયા** તથા **ફ્યૂરિક**ના ધ્યેયો તથા હેતુઓ સમજવામાં તદ્દન મુશ્કેલી નહીં પડે.

અત્યારે ડો. અબ્દુલ કલામ સાહબની સ્વ હસ્તે લખેલી પોતાના જીવન ચરિત્રની "પરવાઝ" નામની પુસ્તિકા મારા અભ્યાસ હેઠળ છે જેને બે ત્રણ વરસ અગાઉ જ તેમણે લખી છે. એ જીવન કથાના અમુક લખાણો કશીય ટીકા ટીપ્પણ વિના આપ સમક્ષ રજૂ કરું છું :–

(૧) અમે બંને સાંજના લાંબાં અંતરે ચાલવા નીકળી પડતા. શરૂઆત મોસક સ્ટ્રીટથી કરતા અને ટાપુના રેતાળ કિનારાઓ તરફ નીકળી પડતા. એ દરમ્યાન જલાલુદ્દીન અને હું આધ્યાત્મિક (રૂહાની) વિષયો પર ચર્ચા કરતા. રામે□વરનું વાતાવરણ ત્યાં

ટોળે ટોળા આવનારા મુલાકાતીઓ (દર્શનાર્થીઓ)ની સાથે અમારી આ ચર્ચામાં સહકારરૂપ થતું. અમારો પ્રથમ પડાવ શિવ ભગવાનના શાનદાર મંદિર પર થતો. દેશના દૂર દૂરના ખૂણે ખૂણેથી આવનારા દર્શનાર્થીઓની જેમ અમે પણ મંદિરનો તવાફ એ જ શ્રદ્ધાપૂર્વક કરતા અને અમારી અંદર શક્તિની લહેરો દોડતી અનુભવતા." *(પરવાઝ, પેજ–૭, પ્રેસ : રાષ્ટ્રીય કાઉન્સિલ ઉર્દૂના વિકાસ અર્થે–દિલ્હી)*

(૨) હું જલાલુદ્દીન (બનેવી) પ્રતિ આશ્ચર્યપૂર્વક જોતો અને પછી મંદિરની આસપાસ દર્શનાર્થીઓના વિશાળ વૃંદોની તરફ જોતો જેઓ સમુદ્રમાં પવિત્ર ડુબકી લગાડતા, રસ્મોને અદા કરતા અને ભજન ગાતા, માનની ભાવના સાથે એ અજાણ હસ્તીના માટે જેને આપણે અદશ્ય કાદિરે મુત્લક (અલ્લાહ) કહીએ છીએ. મેં કદી એના પર શંકા નથી કરી કે મંદિરમાં કરવામાં આવેલી પૂજા એ જ મંઝિલે મકસૂદ સુધી એ જ રીતે પહોંચાડે છે જે રીતે મસ્જિદમાં અદા કરવામાં આવેલી ઈબાદત." *(પેજ–૭)*

(૩) શ્રી સીતારામ કલ્યાણમના વાર્ષિક પ્રોગ્રામ દરમ્યાન અમારું ખાનદાન નાવડીઓની વ્યવસ્થા કર્યા કરતું હતું, જેમાં એક ખાસ મંચ હોતો જેથી ભગવાનની મૂર્તિઓ મંદિરથી શાદીના સ્થળ સુધી લઈ જવામાં આવી શકે. એ શાદીનું સ્થળ તળાવની મધ્યમાં આવેલ હતું જેને રામતિર્થ કહેવામાં આવતું હતું અને અમારા ઘરથી નજીક હતું. રામાયણ તથા હુઝૂર ﷺના પ્રસંગો મારી માં અને દાદી રાત્રે સૂતી વખતે ઘરનાં બાળકોને સંભળાવતાં હતાં. *(પેજ–૧૦)*

ડો. અબ્દુલ કલામ સાહબ ઈસ્લામી મર્યાદાઓના કૌંસોને વિસ્તારીને મંદિરની ચોખટ તથા પૂજાના હવન સુધી

પહોંચાડવામાં જે "રોશન ખયાલ તથા રોશન ઝમીરી"નું પ્રદર્શન કરી રહ્યા છે અને જેમના કાનો ઈસ્લામના પવિત્ર ઈતિહાસની સાથે દેવ દેવીઓની દાસ્તાનો સાંભળવાના આદી હોય એ જાણ્યા પછી આપણને એ પરિણામ તારવવામાં કોઈ અડચણ નડશે નહીં કે તેઓ હિંદના મુસલમાનોને કયા અગ્નિના માળખામાં ગોઠવવાની પયરવી કરી રહ્યા છે ?! નિવેદનો તથા ઘરેલુ સ્થિતિઓને જાણ્યા પછી પણ કોઈ બનાવટી તાવીલ (અર્થઘટન) માટે શક્યતા રહી છે કે તે તેમના 'એઅલામિયા'માં જણાવેલ "ધાર્મિક એકતા"માં સમાવાની કે તેમાં વધારો કરવાની તકલીફ માન્ય રાખશે ? અને "ધાર્મિક એકતા"નો મતલબ "ધર્મવાળા લોકોની એકતા" બતાવીને (એવું સમજાવીને) ડો. અબ્દુલકલામ સાહબના વાસ્તવિક ખયાલોને પાયમાલ કરે ?

★ Furec (ફ્યૂરિક)ના હેતુઓ તથા મકસદો ★

હવે ફ્યૂરિક (Furec) એટલે કે **Foundation for unity of religions and Enlightened citizenship** (ધર્મોની એકતા તથા બુદ્ધિજીવી વતનીભાઈઓની એકતાનું ફાઉન્ડેશન)ના બુદ્ધિજન્ય હેતુઓ પણ જોઈ લો ! :–

કલમ (4) : માનવીય લાગણીઓને સલામત રાખીને તમામ ધર્મોના સ્વીકાર, તમામ ધર્મોની તા'ઝીમ (સન્માન)ના પાયા પર સૂરત રૂહાની એઅલામિયા (સૂરત આધ્યાત્મિક એલાન)ને ઉત્તેજન આપવું અને અમલી રીતે લાગુ પાડવું. *(Page-5)*

એટલે કે ઈસ્લામી રૂહને અભરાઈ પર ચઢાવીને કેવળ માનવીય ભાવના અને હમદર્દીને લક્ષમાં રાખી તમામ ધર્મો હિંદુ, ઈસાઈ, સિખ, જૈન તથા બૌદ્ધ ધર્મને કબૂલ કરવામાં આવે, એ

તમામ બાતિલ ધર્મોની તા'ઝીમ કરવામાં આવે અને સક્રિયપણે સૂરત એઅલામિયાને ઉત્તેજન આપતાં એને હિંદુસ્તાનમાં લાગુ પાડવામાં આવે. જ્યારે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની નજીક ધર્મ ઈસ્લામ જ સ્વીકૃત તથા પસંદ પામેલ છે અને તમામ ધર્મો મરદૂદ તથા બાતિલ છે. પરંતુ "ફ્યૂરિક"ના બંધારણની આ કલમના હેઠળ આપણને તમામ ધર્મો ન કેવળ કબૂલ કરવા પડશે બલ્કે તેની તા'ઝીમ પણ આપણા પર લાઝિમ થશે !

કલમ (5) d : અધિક પ્રમાણમાં ધાર્મિક તહેવારોની ગોઠવણ, સામૂહિક લંગર તથા અધિક પ્રમાણમાં ધાર્મિક દુઆઓને લોકપ્રિય બનાવવા માટે ખૂબ જ ધાર્મિક મેળાવડાઓ તથા જલ્સાઓની ગોઠવણ કરવી.

એટલે કે કાલ સુધી હિંદના મુસ્લિમો કેવળ ઈદુલ ફિત્ર, ઈદુ દોહા તથા ઈદે મીલાદુન્નબી... વગેરે મનાવ્યા કરતા હતા, પણ હવે તેમણે હિંદુઓની સાથે મળીને દીવાળી પણ મનાવવી પડશે, હોળી પણ મનાવવી પડશે, ઈદે મીલાદની સાથે કનૈયાની જન્માષ્ટમી પણ મનાવવી પડશે, ઈસાઈઓ સાથે મળીને ક્રિસમસની ગોઠવણ પણ કરવી પડશે અને સિખોની સાથે ગુરૂ નાનક જયંતિમાં પણ ભાગ લેવો પડશે ! એ જ પ્રમાણે કાલ સુધી જેવી રીતે આપણે ખાનકાહોના લગંર વહેંચતા હતા અને તેને ખાતા હતા, પણ હવે ફ્યૂરિકની આ કલમ હેઠળ મંદિરો અને દેવળોમાં ચઢાવવામાં આવનારા પ્રસાદને પણ વહેંચવો પડશે અને તેને ખાવો પડશે. તેમજ હિંદુ, સિખ, ઈસાઈ તથા બુદ્ધ ધર્મની પ્રગતિ તથા મજબૂતી, તેમના પ્રાર્થનાલયોની રક્ષા તથા દરજ્જાઓની પ્રગતિના માટે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ પણ કરવાની રહેશે અને તે લંગરો તથા દુઆઓને લોકપ્રિય

બનાવવા માટે વિવિધ ધાર્મિક મેળાવડાઓ તથા જલ્સાઓ ગોઠવવા પડશે.

કલમ (e) : આંતર ધર્મિય ચર્ચાઓ તથા ધાર્મિક સમન્વય (એકમતિ)ના માટે વિવિધ ધર્મોના એક સાથે મળીને કામ કરવાના માટે સંયુક્ત પ્લેટફોર્મ પૂરું પાડવું. *(Page-6)*

એટલે કે આંતર ધર્મિય ચર્ચાઓને ઉત્તેજન આપવા તથા એકબીજાના ધર્મને સ્વીકારવા માટે તથા તમામ ધર્મોને આપસમાં મિલાવી દેવા માટે એક સંયુક્ત પ્લેટફોર્મ બનાવવું પડશે.

કલમ (f) : તમામ ધર્મોની યુનિવર્સલ (આંતર રાષ્ટ્રીય) માન મર્યાદાઓને પ્રગતિ આપવી. *(Page-6)*

એટલે કે કોઈ એક મઝહબની માન મર્યાદાઓની ખાસિયતને મિટાવીને તમામ ધર્મોની આંતર રાષ્ટ્રીય માન મર્યાદાઓ એટલે રસ્મો રિવાજ, સ્થિતિઓ દેખાવો, સંસ્કાર, સંસ્કૃતિ તથા કલ્ચર તથા સંબંધોને વિકસાવવા પડશે અને સાથો સાથ તમામ ધર્મોની માન મર્યાદાઓના વૈ□કરણનો પણ સ્વીકાર કરવો પડશે.

કલમ (i) : ધર્મોની એકતા પર કિતાબો, ઈન્સાઈકલોપિડિયા, અંકો, દુર્લભ સાહિત્યો, મોનોગ્રાફ (સંશોધનાત્મક લેખો)ના લેખન, સંપાદન, અનુવાદ તથા પ્રકાશનની વ્યવસ્થા કરવી તથા એના માટે ઓડિયો તેમજ વિડિયો મટિરિયલ તથા પ્રચારની અન્ય ટેકનિકલ પદ્ધતિઓને પેદા કરવી. *(Page-6)*

એટલે કે હિંદુસ્તાનમાં ધાર્મિક એકતાને વિકસાવવા માટે તમામ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રિક પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરવો પડશે.

કલમ (z) : દુર્લભ મટિરિયલો, પત્રો, ફોટાઓ, પૂતળાંઓ

(પથ્થરની મૂર્તિઓ), કલાત્મક કામો, જૂના અવશેષો અને ઈતિહાસ સંબંધી પ્રદર્શનને લગતી ચીજોની રક્ષા કરવી તથા મ્યૂઝિયમ સ્થાપવાં. *(Page-27)*

★ સૂરત રૂહાની એઅ્લામિયા (સૂરત આધ્યાત્મિક એલાન)નું બંધારણ શું છે ? ★

હવે અમુક લખાણો સૂરત રૂહાની એઅલામિયા **Surat Spiritual Declaration**માંથી જોઈએ. યાદ રાખશો ડો. અબ્દુલકલામનું જ તે સૂરત એઅલામિયા છે જેને ઉત્તેજન આપવા માટે **ફ્યૂરિક (Furec)**ની સ્થાપ્ના કરવામાં આવી અને આ જ ''એઅલામિયા'' એ સંસ્થા (ફ્યૂરિક)ના બંધારણમાં પાયાની હેસિયત ધરાવે છે.

ડો. અબ્દુલ કલામ સાહેબ જણાવે છે :–

(૧) આપણે એ જોઈએ છીએ કે આપણી રાષ્ટ્રીયતા કેટલીયે કક્ષાઓ પર અવિ□ાસનો સામનો કરી રહી છે. અન્યના ધર્મ, માન્યતા, ફિલોસોફી તથા ખયાલોના માટે સહિષ્ણુતાનો અભાવ છે એકમતિની કમી છે. સાંસ્કૃતિક તથા કલ્ચરલ મોભાઓની તા'ઝીમની કમી છે. *(Page-40)*

એટલે કે અન્ય બાતિલ ધર્મોના અકીદા (માન્યતાઓ) તથા ખયાલોના માટે દરગુઝર વૃત્તિ તથા સન્માનની કમીને દૂર કરવી એ હવે **ફ્યૂરિક**નો પાયાનો હેતુ રહેશે. યાદ રાખશો કે અહીં ડો. સાહેબ બાતિલ અકીદાઓ, ધર્મો, ફિલોસોફી તથા ખયાલો એટલે કુફ્રની સાથે દરગુઝરની કમીની શિકાયત કરી રહ્યા છે, એ (કાંઈ) બાતિલ અકીદા (માન્યતા)ના માનવાવાળાઓ (વિધર્મીઓ) સાથે સુમેળથી વર્તવાની વાત નથી કરી રહ્યા !

(૨) મઝહબો ખુશ્નુમા બાગોની જેમ છે. આ એવી જગાઓ છે જે અજોડ ખૂબસૂરતી તથા સુકૂનથી ભરેલી હોય છે. એ પાક બાગોની જેમ છે જે ખૂબસૂરત પક્ષીઓ અને તેના મીઠા કલરવથી ભરપુર છે. મઝહબો ખૂબસૂરત બાગો છે બલ્કે તે ટાપુઓ છે તે જાદૂમય ટાપુઓની જેમ છે. દિલ તથા આત્મા માટે ઉચ્ચ રણદ્વિપ છે. જો મહોબ્બત તથા હમદર્દી થકી એ ટાપુઓને એક ફૂલોના હાર જેવા પ્રોજેકટમાં જોડી શકીએ તો આપણે પોતાની સામે એક પુરસુકૂન, ખુશ તથા ખુશ હાલ હિંદુસ્તાનને જોઈ શકીશું. દરેક મઝહબમાં જોવા મળતી વિ□વ્યાપી સચ્ચાઈઓ મહદ અંશે એક જેવી છે અને તે પાયાની એકતાને લાગુ કરનારા પુલને બનાવવામાં મદદ આપશે. *(પેજ–૪૨)*

પ્યારા વાંચકો ! કુફ્ર તથા ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું)માં ડૂબેલા ઉપરોક્ત લખાણને ધ્યાનપૂર્વક વાંચો. બાતિલ ધર્મો સુંદર બાગોની જેમ છે ! તમામ બાતિલ ધર્મો જાદૂમય ટાપુઓની જેમ છે અને દિલ તથા આત્મા (રૂહ)ના માટે ઉચ્ચ રણદ્વિપ છે ! જો મહોબ્બત અને હમદર્દીના થકી એ ટાપુઓને એક ફૂલોના હારની જેમ પ્રોજેકટમાં જોડી શકીએ, એટલે કે **તમામ ધર્મોને એકબીજામાં ભેગા કરી શકીએ તો ખુશ હાલ હિંદુસ્તાન આપણી રાહ જોઈ રહ્યું છે !** અને વળી કહ્યું એ કે તમામ ધર્મો સાચા છે જે એકતામાં મદદરૂપ થશે.

અહીં સર્વ ધર્મોને ''ખુશનુમા બાગો'' કહીને આપણને એ પાઠ આપવામાં આવી રહ્યો છે કે :–

"اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامَ" (બેશક ! અલ્લાહની નજીક કેવળ ઈસ્લામ જ પસંદીદ ધર્મ છે.) એ રબ્બાની એલાનને છોડીને સર્વ બાતિલ ધર્મોની પ્રશંસા કરવી તથા તેમને વિ□ાસ

તથા પ્રતિષ્ઠાની શ્રદ્ધાંજલી અર્પણ કરવી.

(૩) એ હેતુને પ્રાપ્ત કરવા માટે યુવાનોના શિક્ષણ પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત પુખ્ત વ્યક્તિઓ તથા વયોવૃદ્ધ વ્યક્તિઓને જિંદગીની મહત્વતાઓ તથા તમામ ધર્મોની પાયાની રૂહાની એકરૂપતાના બારામાં શિક્ષણ આપવાની જરૂર છે. *(પેજ–૪૨)*

(૪) દર મહિને હિંદુસ્તાનના સર્વ ઈલાકાઓમાં એક **''સર્વ ધર્મ સભા''** થાય એ પાયાના સંદેશને પહોંચાડવાના માટે જેની કોશિશ અમ્ન (શાંતિ, સલામતી)ની દુઆ (''લોકોનું માર્ગદર્શન કરે કે અન્યની માન્યતાઓનું માન રાખે.'' દુઆએ અમ્નમાંથી)માં કરવામાં આવી છે અને એ પાયાની સચ્ચાઈઓના બારામાં વિવિધ ધર્મોમાં જોવા મળે છે. *(પેજ–૪૩)*

(૫) આ રીતની દુઆથી (એટલે અન્ય ધર્મોની માન્યતાઓના માન માટેની દુઆથી) પ્રથમ દેશના તે હિસ્સામાં જોવા મળતા ધર્મોની દુઆઓ, સન્માન પાત્ર ધાર્મિક તથા રૂહાની (આધ્યાત્મિક) પેશવાઓના થકી લોકોની મૌજૂદગીમાં પઢવામાં આવે. દરેક મહિનામાં એક દિવસ નિશ્ચિત કરવામાં આવે જે કોઈ એક ધર્મના માટે ''પવિત્ર દિવસ'' હોય, દા.ત. ઈસ્લામ, હિંદુ ધર્મ, ઈસાઈ ધર્મ, સિખ ધર્મ, પારસી ધર્મ, જૈન તથા બુદ્ધ ધર્મ વગેરે. *(પેજ–૪૩)*

(૬) વિવિધ ધર્મોના ધાર્મિક લીડરો તથા લોકોના થકી અન્ય ધર્મોના પવિત્ર તથા મુકદ્દસ દિવસોનું સન્માન કરનારી એ રીતની સભાઓની આયોજનપૂર્વકની ગોઠવણી એક અસરકારક સંદેશ આપશે. જો શક્ય હોય તો એવી સભાઓ ધાર્મિક સ્થળો (એટલે મંદિર, મસ્જિદ, દેવળ, ગુરૂદ્વારા, રામલીલા મેદાન, ઈદગાહ વગેરે) પર ગોઠવવામાં આવે જ્યાં અન્ય ધર્મના લોકો પણ ત્યાં

એકત્ર થઈ શકે. *(જામે નૂર–દિલ્હી, મે–૨૦૦૬ના સૌજન્યથી)*

ડો. કલામના ઉપરોક્ત લખાણોને ફરીથી ધ્યાનપૂર્વક વાંચો અને તમે જે કલ્મો પઢો છો તેના અર્થ **"નથી કોઈ પૂજવાને લાયક સિવાય અલ્લાહ"**ને સામે લાવો અને વિચારો કે જો ઉપરોક્ત વાતો માની લેવામાં આવે તો કોણ મુસલમાન રહી શકશે ?! અમ્ન, શાંતિ તથા સલામતિથી જીવવા માટે જો ઈસ્લામના વર્તુળથી બહાર ફેંકાઈ જઈને જહન્નમમાં પડવાનું હોય તો પછી એ રીતની શાંતિ તથા સલામતિ ક્યા અક્કલવાળાને માન્ય હશે ?! શું સહાબાએ કિરામને તથા દીનના પૂર્વજ મુજાહિદોને શાંતિથી સલામતિથી જીવવું પસંદ ન હતું ? જરૂર હતું જ ! પણ દીન ઈમાનમાં કુફ્રની ભેળસેળ કરીને જીવવું એના કરતાં મૌત તેમને વહાલું હતું. એટલે સર્વ તકલીફો માન્ય રાખી પણ ઈસ્લામના પવિત્ર અકીદાઓ પર બાતિલ ધર્મ કે માન્યતાઓની શિર્કમય કે કુફ્રી ધૂળને ઉડવા ન દીધી. તેમનો ઈતિહાસ ખોલો અને જુઓ ! વળી આપણે દર નમાઝે દુઆ કરીએ છીએ કે, **"અમને સીધે માર્ગે ચલાવ, એમના માર્ગે જેમના પર તેં એહસાન કર્યું."** એટલે કે **સહાબા** તથા **ઔલિયા**ના માર્ગે ચલાવ. તો **આપણે કોઈ સત્તાધારી કોઈ રાજકરણી લીડર કોઈ દીની જ્ઞાનથી કોરા કહેવાતા દુનિયાવી જ્ઞાનવાળા બુદ્ધિજીવીના માર્ગે ચાલવાનું નથી પણ અલ્લાહવાળાઓના માર્ગે ચાલવાનું છે !** તે દરેક ઈમાનવાળાએ યાદ રાખવું જરૂરી છે.

★ 'ફ્યૂરિક'ના અમલી નમૂના આ રહ્યા ! જોઈ લો ! ★

દીન તથા ઈમાન અને ઈસ્લામના જ્ઞાનથી કોરા એવા આ પ્રકારના રાજકરણીઓ, લાલચુ લીડરો કહેવાતા બુદ્ધિજીવીઓની

પ્રવૃત્તિઓને લઈને ઘણી જગ્યાએ મુસ્લિમો કેવી રીતે પોતાના ઈમાનનો જનાઝો કાઢી રહ્યા છે તેની એક ઝલક નીચેના અમુક સમાચારોમાં જોઈ લો !

તા. ૨–૧૨–૨૦૦૫ના 'દિવ્ય ભાસ્કર' દૈનિક પત્રના પેજ નં. ૧૪ ઉપર એક ફોટો **રાજપીપળા** ખાતે હિંદુ ભજનના ડાયરાના સ્ટેજનો છે. જેમાં એક ખાનકાહના કહેવાતા મુસ્લિમ પીર બાવા તથા અન્ય એક બાપુના પુત્ર તથા અન્ય હિંદુ સંત ભગતો જોવા મળે છે. સમાચારમાં લખ્યું છે કે સંત કવિ સતારશા બાપુ કૃષ્ણ ભક્તિના રંગે રંગાયેલા હતા અને આ પ્રોગ્રામમાં "કાનુડા તારી મોરલી વેરણ થઈ રે...." જેવાં ભજનોનો ડાયરો જામ્યો હતો.

તા. ૧૭–૪–૦૬ના 'દિવ્ય ભાસ્કર' દૈનિક પત્રમાં છે કે **ઝિરન્યા (ઇંદોર)**ની મુસ્લિમ જમાતે સંત લક્ષ્મણ ચૈતન્ય બાપુજીને **મસ્જિદમાં હિંદુ મંત્રોચ્ચાર–જાપ કરવા માટે આગ્રહ કર્યો** અને તેમના આમંત્રણને સ્વીકારીને **સંતે ઓમ નમઃ શિવાયનો જાપ કરીને** સર્વ ધર્મ સદ્‌ભાવનાનો દાખલો બેસાડયો.

તા. ૨–૩–૦૪ના ગુજરાત ટુ ડે માં છે કે **તારાપુર** ખાતે હિંદુ ધર્મગુરૂની શોભાયાત્રા તારાપુર ચોકડી ખાતે જલારામ મંદિરથી નીકળી મસ્જિદ પાસે પહોંચી ત્યારે મુસ્લિમ સમાજ તરફથી મદ્રસા દારુલ ઉલૂમના પ્રિન્સિપાલ મૌલાના જનાબ અ. અહદ કાસમી વગેરેએ સ્વાગત કરી મૌલાનાએ ગુરુનું ફૂલહારથી સ્વાગત કર્યું.

તા. ૧૨–૧૨–૦૪ના રોજ **સાવલી** ખાતે દારુલ ઉલૂમ ગુલશને કુતુબલ મદારના ઉદ્‌ઘાટન પ્રસંગે કૌમી એકતા સંમેલન

યોજાશે જેમાં મંદિરના મહંત તથા મહારાજ તેમજ અમુક મુસ્લિમ સૈયદ સાહબો પ્રવચનો કરશે. એવા સમાચાર છે. *(ગુજરાત ટુ ડે)*

તા. ૧૬–૧૨–૦૪ના ગુજરાત સમાચારમાં છે કે ફિલ્મી હિરો સલમાનખાન જણાવે છે કે તેના પિતા મુસ્લિમ છે અને તેની માતા હિંદુ હોવાથી ઘરમાં ગણપતિની પૂજા નિયમિત થાય છે અને હનુમાનના મંદિરે પણ નિયમિત જાય છે અને એને ત્યાં બંને ધર્મોના તહેવારો ધામધૂમથી મનાવાય છે.

તા. ૧૪–૬–૨૦૦૪ના ગુજરાત ટુ ડેમાં પેજ નં. ૩ ઉપર એક ફોટો છે જેમાં દ્વારકા તથા બદરીક આશ્રમોના શંકારાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી ‘જમીયત–એ–ઉલમાએ હિંદ’ના વડા મથકે આવતાં તેમનું શાલ ઓઢાડીને સંસ્થાના પ્રમુખ મૌલાના અસદ મદની ઉભા રહીને તેમનું કયામ સાથે બહુમાન કરી રહ્યા છે ! અને મહામંત્રી મહમૂદ અસદ મદની બાજુમાં કયામની હાલતમાં તા'ઝીમમાં (સન્માનમાં) ઉભા છે ! (નબી કરીમ صلی اللہ علیہ وسلمની તા'ઝીમમાં સલામ પઢતી વેળા કિયામ કરો, એટલે ઉભા થઈ તા'ઝીમ કરો તો તમારા પર આ દેવબંદી મઝહબવાળા તરફથી શિર્કનો ફત્વો ઝિંકવામાં આવે અને અહીં એઓ શું કરી રહ્યા છે ?! ખૂદ વિચારે !)

આવા સમાચારો રોજ બ રોજ વાંચવા મળે છે. થોડાક સમય પર **જંબુસર**માં કહેવાતા મુસ્લિમ લીડરો થકી આવા સ્વાગત તથા સન્માન કરવાના સમાચાર વાંચવા મળ્યા. તો વળી થોડાક દિવસ પર ગુજરાત ટુ ડે દૈનિકમાં વાંચવા મળ્યું કે **ધોળકા**માં જૈન ધર્મવાળાઓની રથયાત્રા નીકળી તો દરેક મહોલ્લાના મુસ્લિમોએ તેમના ધર્મગુરૂઓને ફૂલહાર પહેરાવીને સ્વાગત કર્યું. એ જ પ્રમાણેના સમાચારો ગૈર કૌમની રથયાત્રાઓ કે સરઘસોમાં

મૂર્તિઓને તથા ધર્મવડાઓને ફૂલહાર પહેરાવીને કહેવાતા મુસ્લિમો થકી થતા સ્વાગતના સમાચારો દિવસે દિવસે શહેર શહેર સામાન્ય બનતા જઈ રહ્યા છે.

જ્યાં સુધી વિવિધ ધર્મવાળા વતનીભાઈઓ સાથે મેળ મેળાપ તથા સુમેળભર્યો વહેવાર જેમ કે વરસોથી વેપાર, ધંધા, સામાજિક પ્રવૃત્તિઓ વગેરે સુલેહ શાંતિથી ચાલે છે આ બધું શરીઅતના વર્તુળ હેઠળ હોય તો તેમાં કોઈને વાંધો જ નથી હોતો, એને સૌ સ્વીકારે છે કે એ રીતે એકબીજાને સહાયરૂપ બની દેશની પ્રગતિમાં દરેક વ્યક્તિ સહભાગી બને.

પણ ધર્મોમાં કે ધાર્મિક માન્યતાઓમાં ભેળસેળ કે ચૂંચપાત કરવાથી એકતા સ્થાપી શકાય એ ગણિત તદ્દન ગલત છે ! અને ઈસ્લામ એની ઈજાઝત પણ આપતો નથી. **જે એવું કરવા જશે તે ઈસ્લામના વર્તુળથી દૂર ફેંકાઈ જશે** અને એનો અંજામ આખેરતમાં જહન્નમ છે.

ચેતવણી : કેટલાક લોકો કહે છે કે રાજકરણમાં તથા સામાજિક સેવાના કાર્યોમાં હોય તેણે તો એવું બધું કરવું પડે ! અન્ય ધર્મોની પ્રાર્થનામાંય જવું પડે, માથે ટિલક પણ કરાવવું પડે ! બાતિલ મઅબૂદોને નમન કરવું પડે..... વગેરે. પણ સાંભળી લો ! **કોઈ દેખાડવા ખાતર, નાટક કરવા ખાતર પણ એવાં કામો કરશે તે યકીનન ! કુફ્રમાં પડશે. પછી ભલે લીડરશીપનો વહેમ લઈને જીવનભર જે ફાવે તે કરે પણ તેની આખેરત તો તબાહ થઈ જશે એ નોંધી લેશો.** બીજું તો ઠીક, પણ કોઈ ગૈરને કહેવું કે, ''તમે પૂજા કરી લો !'' એ શબ્દો માણસને ઈસ્લામથી બહાર કરી દે છે, કે એમાં કુફ્રની ઈજાઝત આપવામાં આવી છે અને એ પણ કુફ્ર

છે. (વધુ માટે ઈસ્લામના વિદ્વાન ઉલમાની સોહબતમાં જાવ અને દીન શીખો.)

જેથી મુસલમાનોએ કોઈની પણ વાતોથી અંજાયા વિના અલ્લાહ તરફથી મળેલી ઈસ્લામ તથા ઈમાનની દૌલતની કદર સમજીને ઈસ્લામી કાનૂનોનો અભ્યાસ કરીને એના હેઠળ જીવન ગુજારવું જોઈએ અને પોતાની આખેરત તબાહ ન થઈ જાય તેની ચિંતામાં સતત રહેવું જોઈએ. અંતમાં કુર્આન, હદીષ જે આપણા માર્ગદર્શક છે જેની રૂએ ગૈરોના સરઘસોમાં હાજરી વિશે શું હુકમ છે તે અંગે સવાલનો જવાબ ઉલમાની ઝબાની સાંભળી લો અને તેના પર અમલ કરવા કોશિશ કરો :–

જવાબ : ''કાફિરો તથા મુશ્રિકોના મેળા, જલ્સા, સરઘસો તથા રેલીઓમાં જવું નાજાઈઝ તથા હરામ છે. જે લોકોએ આવા બાતિલ તથા કુફ્રી ધર્મવાળાના સરઘસમાં હાજરી આપી તેમનું સ્વાગત કર્યું. તેમના ધર્મગુરૂઓને હાર પહેરાવ્યા વગેરે તે સર્વ લોકો સખત ગુનેહગાર અને અલ્લાહ વ રસૂલના તરફથી ધમકીપાત્ર છે. તે સર્વ લોકો કહરે કહ્હાર અને ગઝબે જબ્બારથી બચવા માટે સાચા દિલથી તૌબા કરે અને પોતાના તે મહાન ગુનાહની અલ્લાહ તઆલાથી માફી ચાહે અને ભવિષ્યના માટે નિશ્ચય કરે કે ન એવી જગાઓ પર હાજર થશે ન એવી હરકતો કરશે.

હે મુસલમાનો ! સાંભળો ! તદન કુફ્રિયા તથા શિર્કિયા પ્રોગ્રામોમાં હાજરી જરૂર સખત હરામ તથા અતિ બુરો ગુનોહ છે. તમારા રબનું ફર્માન સાંભળો ! ઈર્શાદ છે :–

وَاِمَّا يُنسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ

''અને જ્યારે શૈતાન તમને ભૂલાવી દે તો યાદ આવ્યા પછી જાલિમો સાથે ન બેસો.'' *(પારા–૭, રુકૂઅ–૧૪)*

બીજી જગાએ સખત ધમકી આપે છે :–

وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِى الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَ يُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِىْ حَدِيْثٍ غَيْرِهٖ--

''અને બેશક ! અલ્લાહ તમારા પર કિતાબમાં ઉતારી ચૂક્યો કે જ્યારે તમે અલ્લાહની આયતોને સાંભળો કે તેનો ઈન્કાર કરવામાં આવતો અને તેની હંસી બનાવવામાં આવતી તો તે લોકોની સાથે ન બેસો જ્યાં સુધી તેઓ અન્ય વાતમાં મશ્ગૂલ ન થાય, નહીં તો તમે પણ તેમની જેવા છો ! બેશક ! અલ્લાહ મુનાફિકો તથા કાફિરો સૌને જહન્નમમાં એકઠા કરશે.'' *(પારા–૫, રૂકુઅ–૧૭)*

અને જો કાફિરો મુશ્રિકોના મેળાઓ, જલસાઓ, સરઘસોમાં કેવળ હરવા ફરવા અને જોવાના હેતુથી જશે તો પણ નાજાઈઝ તથા ગુનાહ અને હરામ છે.

وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ''ગુનાહ અને ઝિયાદતી પર એકબીજાની મદદ ન કરો.'' *(પારા–૬, રૂકુઅ–૫)*

ઉલમા ફર્માવે છે કે મુશ્રિકોના મેળાઓ તથા જલસાઓમાં જઈને તેમની સંખ્યા વધારવી એ તેમના કુફ્ર તથા સરકશીમાં મદદ કરવું છે. અને જો દોસ્તી નિભાવવા તથા સંબંધો કાયમ રાખવા માટે એવા સરઘસોમાં હાજરી આપવામાં આવે તો ઔર સખત ચેતવણી આવી છે. હદીષે પાકમાં છે : ''દરેક માણસ તેની સાથે હશે જેનાથી તે મહોબ્બત કરે છે.''

અને રબ ફર્માવે છે وَلَا تَرْكَنُوْآ اِلَى الَّذِيْنَ ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ

''અને જાલિમોની તરફ ન ઝુકો કે તમને આગ સ્પર્શશે.'' *(પારા–૧૨, રૂકુઅ–૧૦)*

ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે આ'ઝમ, મોહસિને સુન્નિયત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ્‌માં એના જેવા સરઘસો તથા જલ્સાઓમાં હાજરીના સંબંધે ઉપરોક્ત આયતોના હેઠળ જણાવે છે : ''આહ ! આહ ! હરામ તો દરેક ગુનોહ છે પણ અહીં તો અલ્લાહ વાહિદો કહ્‌હાર એવું ફર્માવી રહ્યો છે કે, **''ત્યાં થોભ્યા તો તમે પણ તેમના જેવા છો !''** મુસલમાનો ! શું કુર્આન શરીફની આ આયતો તમે મન્સૂખ કરી દીધી ?! અથવા અલ્લાહ عزوجل ની આ સખત ચેતવણીને સાચી નથી સમજ્યા ?! અથવા કાફિરો જેવા થવું કબૂલ કરી લીધું ?! અને જો કાંઈ નથી તો પછી આ ભીડભાડનો અર્થ શો છે ? એ જલસાઓમાં હાજરી શા માટે ? જે ખુદા વ રસૂલ તથા કુર્આનથી વિરૂધ્ધ કરવામાં આવે છે, સભા (સરઘસો)માં હાજરી આપનારા સૌ તે કાફિરોના સમાન છે, તેઓ જાહેરી રીતે બોલીને કાફિર અને આ જીભ વડે કલ્મો પઢે અને દિલમાં ખુદા વ રસૂલ તથા કુર્આનની એટલી ઈજ્જત નથી કે જ્યાં એની તૌહીન થતી હોય ત્યાંથી બચે, જેથી એઓ મુનાફિક થયા ! ત્યારે જ તો ફર્માવ્યું કે, ''અલ્લાહ તેમને તથા આમને સૌને જહન્નમમાં એકત્ર કરશે કે હવે અહીં તમે લેક્ચર આપો અને તમે સાંભળો !'' ઈલાહી ઈસ્લામી કલ્મો પઢવાવાળાઓની આંખોને ખોલે ! **ولاحول ولاقوۃ الاباللہ العلی العظیم** *(ટૂંકાવીને, ફતાવા રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૨૧૭)* વલ્લાહુ તઆલા અઅ્‌લમુ બિસ્સવાબ.

લખનાર : (મુફતી) મુહમ્મદ કલીમ અશ્રફ મિસ્બાહી (દારુલ ઉલૂમ કાદરિય્યહ્‌ રઝવિય્યહ્‌–પેટલાદ, ૧૬–રબીઉલ આખર શરીફ, હિ.સ. ૧૪૨૭, ઈ.સ. ૧૫–૫–૨૦૦૫)

–બરકાતે ખ્વાજા માસિક, તંત્રી લેખ, ૧–ઓગસ્ટ–૨૦૦૦૬

(લેખ નં. 3)

કૌમી એકતાના નામે

ધર્મોમાં ભેળસેળ કરનારાઓને શરીઅતની લાલ બત્તી !

આપણા પ્યારા વતન હિંદુસ્તાનથી આપણને પ્રેમ છે, આપણે દુનિયાના ગમે તે ખૂણામાં જઈએ પણ વતનની યાદ સતાવતી રહે છે. કારણ કે આ આપણી માતૃભૂમિ છે, હિંદુસ્તાનની આઝાદી પાછળ વતની ભાઈઓની સાથોસાથ મુસ્લિમ કૌમની પુષ્કળ કુર્બાનીઓ ઈતિહાસમાં નોંધાયેલી છે. અસંખ્ય સુન્ની ઉલમા તથા આમ મુસ્લિમોએ દેશની આઝાદીને ખાતર ફાંસીના માંચડાને વહાલો કરેલો છે. તેમજ આ ભૂમી પર આપણે જન્મ લીધો, ઉછેર પામ્યા તેમજ આપણા વડવાઓ આ દેશની ભૂમિમાં દફન થયેલા છે, આપણો શાનદાર ઈતિહાસ આ ભૂમિ સાથે સંકળાયેલો છે, અસંખ્ય અવલિયાએ કિરામ હિંદની ભૂમિમાં આરામ ફર્માવી રહ્યા છે જેમણે કુફ્રના અંધકારમાં ઈસ્લામની રોશની ફેલાવી છે. દુનિયાના ગમે તે ખૂણે જશો અને ત્યાં ગમે તેટલી સમૃદ્ધિ હશે, દુનિયાની ચમક દમક હશે, પણ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝનો દરબાર નહીં મળે, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત બાકી બિલ્લાહ, હઝરત મુજદ્દિદ અલ્ફેસાની, હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની, હઝરત શાહે આલમ,

હઝરત કુત્બે આલમ, હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી, હઝરત ખ્વાજા દાના, હઝરત કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમ વ મુહદ્દિષે આ'ઝમ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે હિંદભરમાં ફેલાયેલા અને આરામ ફર્માવનાર અવલિયાએ કિરામના દરબારોથી તમે મેહરૂમ જ રહેશો. આપણી જન્મભૂમિથી આપણા પૂર્વજ વડવાઓના લીધે અને ખાસ આ અલ્લાહના વલીઓને લીધે આપણને ખાસ લગાવ તથા કુદરતી મહોબ્બત છે અને રહેશે, એને કોઈ મિટાવી શક્તું નથી અને એટલે જ આપણા દિલમાં વતન પ્રત્યેની વફાદારીની ભાવના ખીચોખીચ ભરેલી છે એમાં કોઈ બેમત નથી.

★ ઈસ્લામ કહે છે સર્વ સાથે ભલાઈથી વર્તો ! ★

વતન પ્રેમ એક સ્વભાવિક ચીજ છે અને વતની ભાઈઓથી સદ્ભાવના કેળવવી એ પણ ઈસ્લામની જ તા'લીમ છે. ઈસ્લામે પડોશીના હક્કો તેમજ દરેક માનવીની સાથે અલ્લાહના બંદા તરીકેના હક્કો નિભાવવાની તાકીદ કરેલી છે. એ હક્કોમાં ખયાનત કરનારને મુજરિમ ઠરાવ્યો છે. પડોશીના હક્ક વિશે કુર્આનમાં છે કે, "નજીકના પડોશીઓ તથા દૂરના પડોશીઓ સાથે ભલાઈ કરો..." *(પારા–૫, રુકૂઅ–૩)* તેમજ અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે, "ખુદાની કસમ ! તે મો'મિન નથી ! ખુદાની કસમ તે મો'મિન નથી !" સહાબાએ કિરામે અર્ઝ કરી, કોણ યા રસૂલલ્લાહ ?! ﷺ આપે ફર્માવ્યું, "તે જેનો પડોશી તેની આફતો (તકલીફો)થી મેહફૂઝ નથી."

અહીં કોઈ શર્ત નથી કે પડોશી મુસલમાન જ હોય, બલ્કે ગમે તે જાતિનો પડોશી હોય તેનો પણ ઈસ્લામે હક્ક રાખેલો છે,

તેની સાથે ભલાઈથી વર્તવાનો હુકમ કરેલો છે. એટલે કે પડોશી તંગદસ્તીમાં હોય, બીમાર હોય, ભૂખ્યો હોય, તકલીફમાં હોય તો તેને સહાય કરવી, તેની સહાનુભૂતિ રાખવી, તેને તકલીફ થાય તેવું વર્તન ન કરવું, તેની સાથે લડવુ ઝઘડવું વગેરે કામો ન કરવાં, આ ઈસ્લામી તા'લીમ છે. અને આ ઈસ્લામી તા'લીમ પર સંપૂર્ણપણે અમલ કરવામાં આવે તો જગતભરમાં અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થપાય જાય. ઈસ્લામી તા'લીમ એ છે કે સમગ્ર માનવો આદમની ઔલાદ છે અને સર્વ અલ્લાહના બંદાઓ છે, તેમાં કોઈ બંદા સાથે ધોકો કરવો કે તેને નાહક્ક સતાવવાનો હુકમ નથી, બલ્કે દરેક સાથે ભલાઈથી વર્તવાનો હુકમ છે તો વતની ભાઈઓ સાથે સારી રીતે કેમ ન વર્તવું !

★ કૌમી એકતા શક્ય પણ ધર્મોમાં ભેળસેળ અશક્ય ! ★

એ વાત સાચી કે શરીઅતના વર્તુળમાં રહીને મુસલમાન સિવાયની પણ સર્વ જાતિઓ સાથે સુમેળભર્યો વહેવાર રાખવો જોઈએ, એકતાથી રહી દુનિયાવી વહેવારમાં એકબીજાના સહકારી બનવું જોઈએ, દરેક પ્રકારે એકબીજાને મદદ કરવી જોઈએ, પણ એનો અર્થ એવો નથી કે "કૌમી એકતા"ના નામે ધર્મોમાં પણ ભેળસેળ કરી દેવામાં આવે, એટલે કે મંદિરોમાં જઈને મુસલમાન પૂજાવિધિમાં ઉભા રહે અને હિંદુઓ મસ્જિદો તથા દરગાહો પર આવીને ભજન કિર્તન તથા કથાના પ્રોગ્રામો કરે. અન્ય જાતીઓ સાથે સુમેળભર્યો વહેવાર શક્ય છે પણ ધર્મોમાં ભેળસેળ એ શક્ય નથી. તદ્દન સીધી સાદી વાત એ છે કે ઈસ્લામની માન્યતા છે કે "અલ્લાહ એક છે એના સિવાય કોઈ પૂજાને લાયક નથી." જ્યારે ઈસ્લામને છોડીને લગભગ ધર્મોમાં

એક કરતાં અનેક ખુદાઓની પૂજા થાય છે. એટલા માટે **એ વાત અશક્ય છે કે કોઈ વ્યક્તિ મુસલમાન પણ હોય અને બીજા ધર્મોની વિધિઓમાં ભાગ પણ લેતો હોય. કારણ કે જેવો તે અન્ય ધર્મની વિધિઓમાં જોડાશે તેવો જ કલ્માનો આપોઆપ ઈન્કાર થઈ જશે અને તે ઈસ્લામથી નીકળી જશે,** ભલે કોઈ દેખાડવા પૂરતો પણ અન્ય જાતીઓના ધાર્મિક સરઘસોમાં કે પૂજાવિધિ, આરતીમાં જોડાશે, મૂર્તિઓને કે સરઘસના મહંતોને ફૂલહાર પહેરાવી સ્વાગતો કરશે, તો પણ તેના આ જાહેરી વર્તન પર તેના પર એ જ હુકમ ઈસ્લામનો આવશે કે તે એ કામોથી પ્રથમ તૌબા કરે, કલ્મો પઢે અને નિકાહ પણ દોહરાવે. **અન્ય જાતિના લોકો સાથે સારો વહેવાર કરવો અલગ ચીજ છે અને ધર્મની હદોને તોડી અન્યની ધાર્મિક વિધિઓમાં જોડાવું અલગ ચીજ છે.**

★ ક઼ૌમી એકતાના ઓઠા હેઠળ ઈમાનનો ખાત્મો ! ★

આ બાબત એટલા માટે લખવી પડી છે કે હાલમાં કેટલાક ધર્મથી વિમુખ કહેવાતા હિંદુ મુસ્લિમ રાજકરણીઓ તથા દરગાહો પરના અજ્ઞાન લાલચુ મુજાવરો હોંશે હોંશે "ક઼ૌમી એકતા"ના ઓઠા હેઠળ એવાં કામો કરવા લાગ્યા છે જે ઈસ્લામના પાયાના સિદ્ધાંત સાથે ટકરાય છે. જેમ કે વર્તમાનપત્રો દર્શાવે છે કે :–

ભૂજ તાલુકાના મોટા વરનોરા ખાતે જુસબશા દાદાની દરગાહના પ્રાંગણમાં શ્રીમદ ભાગવત કથા સપ્તાહનો પ્રારંભ "ગજાનન દેવ કી જય...! બોલો જુસબદાદા કી જય...!"ના નાદ સાથે થયો જેના મુખ્ય આયોજક અલી સાંઈબાપુ હતા. શિવ મંદિરેથી ગણેશ પૂજન સાથે નીકળેલી પોથી યાત્રામાં હિંદુ મુસ્લિમ સૌ ભાગ લઈ આગળ જણાવ્યા તેવા જય નાદો સાથે

દરગાહમાં પધાર્યા જેને મુસ્લિમ તથા રબારી વગેરે યુવાનોએ ગુલાલ સાથે આવકાર્યા. મૌલાના અલિફ સાહબે (ભૂજવાળા) આ કથાના પ્રારંભમાં પ્રવચન કર્યું જેના ફોટા અખ્બારોએ આપ્યા છે. *(હવાલો : આજકાલ દૈનિક, તથા કચ્છ મિત્ર, ૨૧ તથા ૨૨–૨–૦૭)*

એ જ પ્રમાણે સામત્રા (તા. ભૂજ) ખાતે તા. ૧૨–૨–૨૦૦૭ના રોજ શ્રી માધવધામ સેવા સ્મરણ કુટિર ખાતે ચાલતા "મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા" તથા સામૂહિક ભાગવત કથા મહોત્સવમાં નાંગિયારીના સરપંચ જુસબભાઈની આગેવાનીમાં મુસ્લિમ બિરાદરો જોડાયા. જેમાં પણ મૌલાના અલિફ સાહબ, નાંગિયારીના મૌલાના મુહમ્મદ હુસૈન એસ. અનવારી વગેરે મુસ્લિમોએ ઉમંગભેર હાજરી આપી મૂર્તિઓના ફોટાઓથી સજેલા મંચ પરથી પ્રવચનો કર્યા. મહેશભાઈ ભટ્ટે કૃષ્ણ જન્મોત્સવનો પ્રસંગ સર્વ હિંદુ મુસ્લિમ શ્રોતાઓ સમક્ષ ભાવવાહી શૈલીમાં વર્ણવ્યો હતો વગેરે. *(કચ્છ મિત્ર, તા. ૧૩–૨–૦૭)*

તે ઉપરાંત સમાચારો છે કે કુંજીસર (તા. ભચાઉ) ખાતે ગેબનશાહ પીરની દરગાહે હિંદુ સંતો મા ભગવતીનાં ગુણ ગાઈ રહ્યા છે. દરગાહના મુજાવર કુરબાનઅલી રહમતઅલી મસ્તાન બાપુના સાન્નિધ્ય અને માર્ગદર્શન હેઠળ ગામના આહિર ભાઈઓ ખભે ખભા મિલાવી સહકાર આપી રહ્યા છે. દરગાહ પર દેવી ભાગવત કથા યોજાયી. ગામના રામ અને ચામુંડા મંદિરેથી વાજતે ગાજતે "જય ભવાની"ના નારાઓ સાથે પોથી યાત્રા નીકળી દરગાહે પહોંચી. દાદાની દરગાહમાં બેસી દેવ દેવીઓના ગુણગાન ગાવામાં આવ્યાં. છેવટમાં દેવી યજ્ઞ યોજાયો. *(કચ્છ મિત્ર, તા. ૩ તથા ૯–૩–૨૦૦૭)*

વળી હાલ તા. ૨૨ થી ૩૦ સપ્ટે. ૦૭ સુધી કચ્છના મહાન

મશ્હૂર મઝાર શરીફ "હાજી પીર" ખાતે હિંદુ ધર્મ ગુરૂ મોરારી બાપુની "રામ કથા"નો પ્રોગ્રામ થશે જેનું આયોજન હનુમાન સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. રસોડાની વ્યવસ્થા મુસ્લિમ પરિવારો અને માંડવીનું "હાજી હસન ટ્રસ્ટ" સંભાળશે. (ગુજરાત ટુ ડે, તા. ૧૮–૯–૦૭ તથા દિવ્યભાસ્કર, ૨૨–૯–૦૭)

★ મુસલમાનો ! ઠંડા દિલે વિચારો ! અને તૌબા કરો ! ★

અમારે અન્ય જાતિના ભાઈઓને આ બાબતે કાંઈ જ કહેવું નથી, કારણ કે એઓ ઈસ્લામથી બહાર છે તો એમને ઈસ્લામી કોઈ હુકમ લાગશે નહીં, પણ જેઓ પોતાને મુસલમાન કહે છે, એક અલ્લાહની ઈબાદત (પૂજા)ને જ માને છે, મુહમ્મદ ﷺને અલ્લાહના રસૂલ માને છે તેઓ ઠંડા દિલે વિચારે કે શું ઈસ્લામી તા'લીમમાં તથા નબી કરીમ ﷺએ આવાં કાર્યોની ઈજાઝત આપી છે ? બલ્કે હુઝૂરે અકરમ ﷺને પણ આવા પ્રકારની એકતાની ઓફર ત્યારના ગૈર મુસ્લિમો થકી થઈ હતી કે, "છ મહિના તમો અમારા મઅબૂદની ઈબાદત (પૂજા) કરો અને છ મહિના અમે તમારા ખુદાની ઈબાદત કરીએ." પણ અલ્લાહના રસૂલે તેનો અસ્વીકાર કર્યો હતો. તો તમે કોણ છો કે ધર્મોની અંદર ભેળસેળ કરી રહ્યા છો ? "લા ઈલાહ ઈલ્લલ્લાહ" કહી દીધું તો હવે મુસલમાન માટે કોઈ ગૈર ધર્મની ધાર્મિક વિધિ કે ધાર્મિક પ્રોગ્રામોમાં હાજરી શક્ય નથી.

શરીઅતનો હુકમ છે : જેઓ ખાસ કુફ્રની મેહફિલોમાં જાય તેઓ સમજી લે કે **કુફ્રથી રાજી રહેવું પણ કુફ્ર** છે. તથા **જેણે કોઈ કુફ્રી કામને સારું જાણ્યું તેણે કુફ્ર કર્યું.** (ગમ્ઝુલ

ઓયૂન) તો જેઓ ખુશી ખુશી સમાચારોમાં દર્શાવ્યા મુજબ કામોમાં ખરેખર હોંશ તથા ઉમંગભેર જોડાયા, ત્યાં હાજર રહ્યા તેમના પર શો હુકમ આવે ? તેઓ પોતે જ વિચારી લે.

જો કે સામાન્ય લોકોએ પણ ઈસ્લામ તથા ઈમાન કોને કહેવાય અને કયાં કૃત્યો હરામ તથા ગુમરાહીનાં છે તથા કયા વાણી તથા વર્તનથી ઈમાન જતુ રહે છે, એટલું જ્ઞાન તો મેળવવું જ જોઈએ. પણ અમારો પ્રશ્ન તે કહેવાતા મૌલાનાઓને છે જેમનાં નામો ઉપરોક્ત સમાચારોમાં (સમાચાર પત્રોમાં) ફોટાઓ સાથે દર્શાવાયાં છે, અને જેમને મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના પ્રસંગે થતી ભાગવત કથામાં મૂર્તિઓના ફોટાઓથી સજાવેલા મંચ પર પ્રવચનો કરતા અમે જોઈ રહ્યા છીએ, તેઓ ખૂદ દર્શાવે કે આવી ખાસ કુફ્ર તથા શિર્કની મેહફિલોમાં હોંશભેર હાજરીથી શું તેમનાં ઈમાનોને કોઈ આંચ નહીં આવે ?! જગ જાહેર થતાં આ કામો માટે એમને કોઈ પ્રશ્ન પૂછનાર છે ખરું ?! અને આ તેમણે કરેલી શરૂઆતનાં ભવિષ્યમાં શું પરિણામો આવશે ? અજ્ઞાન પબ્લિક આગળ જતાં કયા માર્ગે જશે એ તેઓ કહી શકે છે ?

★ વલીઓ પર્દો કરી ગયા ને આવા મુજાવર રહી ગયા ! ★

મુસલમાનો ! જરા પાછળ પલટીને તમારા બુઝુર્ગોનો ઈતિહાસ જુઓ ! કે કેવા કેવા સંજોગોમાં કેવા કેવા બિન મુસ્લિમોને પોતાની લાજવાબ કરામતો વડે એક ખુદાને માનનારા કરી નાખ્યા હતા, તેમના દિલોની દુનિયા બદલી નાખી હતી, જે આબાદીમાંથી પસાર થતા તેને ઈમાનના નૂરથી ભરી દેતા અને બાતિલ મઅબૂદોના દીવાનાઓને એક રબના શયદાઈ બનાવી દેતા હતા. મંદિરો પાસેથી પસાર થતા તો પૂજારીઓ સહિત પૂરી

કૌમને ઈસ્લામના રંગે રંગી દેતા હતા અને ''લાઈલાહ ઈલ્લલ્લાહ''નો ઝર્બ લગાડતા કરી દેતા હતા. શું સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનો ઈતિહાસ તમારી નજરો સમક્ષ નથી ?! અને આજે તમો એનાથી ઉલ્ટાં કામો કરી રહ્યા છો ?! તો એ વલીઓની રૂહોને કેટલી તકલીફ થતી હશે !

ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہને અનાસાગર તળાવના કિનારેથી જતા રહેવા માટે દબાણ કરવામાં આવ્યું. રાજા પૃથ્વીરાજની આજ્ઞા મુજબ સાધુરામ જે ત્યાંના ખાસ મંદિરનો વહિવટ સંભાળતો હતો તે સર્વ શિષ્યો, પૂજારીઓ સાથે ખ્વાજા સાહબને પોતાની વિદ્યા વડે ડરાવી ધમકાવી કાઢી મૂકવાના ઈરાદે આપની પાસે પહોંચ્યો. પરંતુ તે તથા તેના સાથીઓ ખ્વાજા સાહબનો રૂહાની પ્રભાવશાળી ચહેરો જોતાં જ ગભરાઈ ગયા અને પોતાની વિદ્યા ભૂલી ગયા ! સાધુરામ હઝરત ખ્વાજા ગરીબ નવાઝની નજરોના તાપથી ધ્રુજી ઉઠયો અને આપના કદમોમાં ગબડી પડયો અને પોતાની ભૂલની માફી માંગી મુસલમાન થઈ ગયો.

ન તખ્તો તાજમેં ન લશ્કરો સિપાહમેં હૈ
જો બાત મર્દે કલંદરકી એક નિગાહમેં હૈં

તે ઉપરાંત જયપાલ જોગીના શા હાલ થયા તે પણ આપ વારંવાર વાંચતા સાંભળતા આવ્યા છો. એનો ફરી અભ્યાસ કરો.

તેમજ અકબરના ''દીને ઈલાહી'' સામે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી નક્શબંદી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُની ટક્કર શા માટે હતી ? આજે ''અલ્લાહ અને ભગવાન તેમજ રામ અને રહીમ એક છે'' એવી કુફ્રી વાણી બોલનારા દુનિયાના લાલચુ અમુક જાહિલ સૂફીઓ તથા ધોકાબાઝ રાજકરણીઓ સમજે કે

હઝરત મુજદ્દિદ અલ્ફેષાનીએ એલાન કર્યું હતું કે, ''મારો ધર્મ રામ–રહીમ એક છે તે નથી !'' તેમજ ત્યારે એ જ દીને ઈલાહી ખડો થયો હતો જેમાં મસ્જિદ–મંદિરનો દરજજો સમાન દર્શાવાયો હતો, અકબરના હુકમથી જનોઈ તથા ટીલક અપનાવવામાં આવતુ હતું, ગૈર ખુદા માટે તા'ઝીમી સિજદો જાઈઝ ઠરાવ્યો હતો તેમજ ગૈર મુસ્લિમોના તહેવારો મનાવવામાં આવતા હતા..... હઝરત મુજદ્દિદ અલ્ફેષાની عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُએ પોતાના બાતિની નૂર અને શરીઅતની દલીલો વડે અકબરના એ દીને ઈલાહીનો ખાત્મો બોલાવ્યો હતો.

એવા તો અસંખ્ય બુઝુર્ગોના દાખલા છે કે દીને ઈસ્લામમાં ગૈર ધર્મોની ભેળસેળ થવા નથી દીધી. જ્યારે આજે દરગાહો પર અડ્ડો જમાવી બેઠેલા કેટલાક જાહિલ મુજાવરો તથા લાલચુ મૌલાનાઓ એ ''દીને ઈલાહી''ને ફરી જીવંત કરવા મથી રહ્યા છે તેઓ આ બુઝુર્ગોના જીવન ચરિત્રોને વાંચે અને સમજે કે તેઓ પોતે કયા ખયાલોના સ્વર્ગમાં જીવી રહ્યા છે !

એ જ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ મજૂસીઓ (પારસીઓ)ના અગ્નિકુંડ પાસેથી એકવાર પસાર થયા તો મજૂસીઓ (અગ્નિપૂજકો)ને પૂછયું કે અગ્નિને શા માટે પૂજો છો ? તેઓએ કહ્યું, ''અમે દોઝખની આગથી ઘણો જ ભય અનુભવીએ છીએ, એના ડરથી જ અગ્નિને પૂજીએ છીએ.'' આપે કહ્યું, ''આગ તો અલ્લાહના તાબે છે ! તેના હુકમ વિના કોઈને બાળશે નહીં.'' તેમણે કહ્યું, ''શું તમે આગની પૂજા નથી કરતા છતાં તમને બાળશે નહીં ?! હઝરતે કહ્યું, ''મને તો શું મારી જુતીઓને પણ નથી બાળી શક્તી !'' કહીને જુતીઓને કેટલોય સમય આગમાં રાખી બહાર કાઢી તો તેને આંચ પણ ન આવી !

આ કરામત જોઈને સૌ અગ્નિપૂજકો મુસલમાન થઈ ગયા.

બીજો એક પ્રસંગ છે કે, "મેમણ કૌમ માટે મશહૂર છે કે એમના પૂર્વજો કુફ્રની હાલતમાં હતા ત્યારે કોઈ તીર્થધામની જાત્રાએ જઈ રહ્યા હતા. એક સ્થળે નદી પાર કરવા કોઈ નાવડી ન હોવાથી કિનારે રોકાઈ ગયા. ત્યાં ગૌષ પાક رضی اللہ عنہ ની ઔલાદમાંથી એક બુઝુર્ગ મળે છે. વાતચીત દરમ્યાન તે બુઝુર્ગ કહે છે કે અહીં જ તમને તીર્થધામ જોવા મળી જાય તો ?! તો સૌ ખુશ થઈ જાય છે. બુઝુર્ગ આંખો બંધ કરાવે છે પછી આંખો ખોલવા કહે છે તો તેઓ તે તીર્થધામને તેમની નજરો સમક્ષ જુએ છે ! આ કરામત જોઈને સૌ મુસલમાન થઈ જાય છે. આ હતા બુઝુર્ગો જેમણે આ રીતે ઈમાનની રોશની ફેલાવી." *(બહવાલા ખુત્બાતે નિઝામી)*

નિગાહે વલી મેં વો તાસીર દેખી
બદલતી હજારોં કી તકદીર દેખી

જ્યારે આજે આવા બુઝુર્ગોના નામ પર ચરી ખાનારાઓ એવા જ બુઝુર્ગોના મઝારો પર કથા તથા પૂજા પાઠના પ્રોગ્રામો હોંશે હોંશે કરી કરાવી રહ્યા છે તથા શિર્કમય પ્રોગ્રામોમાં હાજરી આપી ગર્વ અનુભવી રહ્યા છે. તો વળી ક્યાંક ડો. ઝાકિર નાયક જેવા આઝાદ ખયાલ ગુમરાહો એવું કહેવા લાગ્યા છે કે, "ઈસ્લામ અને હિંદુ ધર્મ સરખા છે" તો નથી લાગતું કે તેમણે બુદ્ધિનું દેવાળ કાઢી નાખ્યું છે ?! માટે નવયુવાનો આવા બેલગામ ફાસિક ગુમરાહોની વાતો પર ધ્યાન ન કરે અને મધમાં ઝહેર ખવડાવતા આવા ગુમરાહોની વાતો ન સાંભળે અને ઈસ્લામની મર્યાદાઓને પાયાના સિદ્ધાંતોને સમજે. જેઓ વિવિધ વિરોધાભાસી માન્યતા છતાં ધર્મોને એક કરવા જાય છે એવા લોકોને અમારી નમ્ર વિનંતિ

છે કે ધાર્મિક બાબતે ભેળસેળમાં ન પડે અને એવાં કામોથી તૌબા કરી લે અને પોતાની આખેરતને બર્બાદ થવાથી બચાવે. સર્વ જાતિના ભાઈઓ સાથે કૌમી એખ્લાસપૂર્વક એકતાથી સહકારથી જરૂર રહે કે એ આપણી અખ્લાકી ફરજ છે પણ ધાર્મિક બાબતોમાં ઘાલમેલ ન કરે એમાં જ તેમની બંને જહાનમાં ભલાઈ છે.

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

GRWB/059/Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨
મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

વરસોથી સુન્ની સાહિત્ય ક્ષેત્રે મઝહબે હક્ક અહલે સુન્નત વ જમાઅતની અજોડ ખિદમત આપતી, આપની આ પ્યારી સંસ્થાએ **નાનીથી લઈને મોટી મોટી કિતાબો** ગુજરાતી વાંચકોને વિશ્વભરમાં મોટા ભાગે **મફત** પહોંચાડી છે અને **સમયની માંગને અનુરૂપ સચોટ સાહિત્ય** કુર્આન, હદીષ, અકવાલથી ભરપુર દલીલ સભર સાહિત્ય **અકીદાની મજબૂતી** તથા **અમલી ઈસ્લાહ** માટે પ્રકાશિત કરવાનુ કામ અવિરત ચાલુ છે. અસંખ્ય સુન્નીઓ તેનાથી લાભ મેળવે છે તો આપ કયાં તો **રૂા. ૨૦૦/-** મોકલી મેમ્બર બનો અને ખુદા તૌફીક આપે તો **લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, કુર્બાનીની ખાલો** વગેરે M.O., ચેક, ડ્રાફટથી અંજુમનના સરનામે મોકલો તો વરસભર અંજુમન તરફથી છપાતી લાજવાબ કિતાબો આપને ઘરબેઠાં મફત પહોંચતી રહેશે. યાદ રાખશો ! ભૂલશો નહીં ! આજે જ મેમ્બર ફી મોકલો કે વધુને વધુ સહાય રવાના કરો !

(લેખ નં. ૪)

કોઈની સાથે એની તુલના યોગ્ય ગણાશે નહીં

અલ્લાહ અલ્લાહ છે ! કુર્આન કુર્આન છે !

ઈસ્લામ વિધર્મીઓ સાથે, સર્વ જાતિના લોકો સાથે, સર્વ વતની ભાઈઓ સાથે, સર્વ માનવ જાતની સાથે સારો વહેવાર કરવાની જ તા'લીમ આપે છે, અને **નાહક કોઈને પણ સતાવનારને 'જાલિમ' ઠરાવે છે.** જેથી મુસલમાને સર્વની ભલાઈ ચાહીને સર્વ જાતિના લોકો સાથે એકતાથી રહેવું જોઈએ. પોતાના ધર્મના સિદ્ધાંતો તથા આદેશો અને માન્યતાઓની આમાન્યા જાળવતા રહીને સહકારપૂર્વક રહેવું જોઈએ. આ તદ્દન સત્ય તથા યોગ્ય તેમજ ન્યાયની વાત છે. પણ....

★ આ ક઼ૌમી એકતા નથી પણ ઈસ્લામથી જ બહાર થવું છે ! ★

આજ કાલ ક઼ૌમી એકતાના નામ પર ''ધર્મોમાં ભેળસેળ'' કરવાની જાણે ફેશન ચાલી રહી છે ! અથવા તો મુસ્લિમોને ગેરમાર્ગે દોરવા તેમના અક઼ીદામાં (પાયાની માન્યતામાં) વસવસા કે ભંગાણ દાખલ કરવા માટે એક સુનિયોજીત આંતર રાષ્ટ્રીય ચળવળ ચાલી રહી છે, એવું કહીએ તો એ અતિશયોક્તિ નથી. કેમ કે રોજ બ રોજ અખ્બારોમાં એના સંબંધી બનાવોના સમાચારો જોરશોરથી પ્રગટ થતા રહે છે. અલ્લાહના વલીઓના

મઝારો (દરગાહો) પર કે જેઓ જીવનભર તૌહીદ (અલ્લાહ એક હોવા)નો પૈગામ આપતા રહ્યા તેમને ત્યાં જ અનેક ખુદાઓમાં માનનારાઓ થકી દેવી દેવતાઓની કથાના પ્રોગ્રામો થવાના સમાચારો આપે વાંચ્યા જ હશે. હવે વાંચવા મળ્યું કે સયાજી હોસ્પિટલ, વડોદરા ખાતે ''મુસ્લિમ નર્સો'' દ્વારા ''સત્યનારાયણની કથા'' કરવામાં આવી જેમાં સત્યનારાયણ દેવની પૂજામાં મુસ્લિમો બેઠા ! (ગુજરાત સમાચાર, તા. ૧-૫-૦૭) તે ઉપરાંત તા. ૯-૭-૨૦૦૭ના ''દિવ્ય ભાસ્કર'' દૈનિક પત્રમાં મુસ્લિમ બહેનોના ફોટા સાથે છે કે ''ભરૂચની એક પી.ટી.સી. સંસ્થામાં ૭૦ હિંદુ તથા ૨૦ મુસ્લિમ બહેનોએ જયા પાર્વતી વ્રત (અલૂણા વ્રત) રાખી પૂજન અર્ચન કર્યું હતું તથા શિવ આરાધના કરી હતી. અને તેમનાં મુસ્લિમ માંબાપોએ આ બાબતે ગર્વ લીધો !'' **હે લોકો ! આ ક઼ૌમી એકતા નથી પણ ધર્મોમાં ભેળસેળવૃત્તિ છે. અને ઈસ્લામમાં એક ખુદા સિવાય કોઈની પણ પૂજા (ઈબાદત) કરવી એ મુસલમાનને ઈસ્લામથી બહાર કરી દે છે.** માં બાપો વરસોના વરસો સુધી પોતાની ઔલાદને દુનિયવી શિક્ષણ આપે છે પણ તદ્દન પાયાનું આ દીની જ્ઞાન નથી આપતાં કે પૂજા (ઈબાદત) મુસલમાન અલ્લાહ સિવાય કોઈની ન કરી શકે અને કરશે અથવા કરવાનો ઢોંગ કે રોલ પણ કરશે છતાં ઈસ્લામથી બહાર થઈ જશે. આ કટ્ટરવાદ નથી બલ્કે ઈસ્લામ ધર્મનો પાયો જ એના પર છે.

હા ! ક઼ૌમી એકતા તો એમાં છે કે સર્વ જાતિના લોકો સાથે સામાજિક તથા દુનિયાવી બાબતે મેળમેળાપ સાથે સહકારથી રહો, એકબીજાને કામ લાગો, એકબીજાનાં દુઃખદર્દમાં મદદરૂપ થાવ... વગેરે.

વળી તા. ૨૧–૭–૨૦૦૭ના ''ગુજરાત ટુ ડે'' દૈનિક પત્રમાં સ્વામીનારાયણ આર્ટસ કોલેજ અને શાંતિ પૈગામ સમિતિ નામની કમિટી (અમદાવાદ) થકી વિવિધ તુક્કાઓ વડે ધર્મોમાં સમાનતા, એકરૂપતા ઉભી કરવામાં આવી, ''વેદ'' તથા ''કુર્આન''માં સામ્યતા (સરખાપણુ) દર્શાવવામાં આવ્યું. જેમાં અમુક મુસ્લિમ નામધારી કહેવાતા મોલ્વીઓ તથા ધાર્મિક છીછરા જ્ઞાનવાળા પ્રોફેસરો કે ડોકટરો સામેલ રહ્યા. 'ગુજરાત ટુ ડે' વર્તમાન પત્ર એ તેને સરસ કવરેજ આપ્યું છે ! અને આવા પ્રોગ્રામોની ટી.વી. પર ખૂબ ચર્ચા થાય છે !!

સાંભળો ! વિવિધ ધર્મોમાં ઘણી વાતો એક મેકમાં સરખી હોય એ બનવા જોગ છે, પણ એનાથી સર્વ ધર્મ તથા સર્વ ધર્મપુસ્તકો એક સમાન છે એવો અર્થ તારવવો એ બુદ્ધિગમ્ય વાત નથી. દા.ત. શરાબ, જૂઠ, ચોરી, અપ્રમાણિક્તા વગેરેથી બચવું તથા સારાં કામો કરવાના આદેશો લગભગ ધર્મોમાં હોય શકે છે પણ પાયાની અક઼ીદાની (માન્યતાની) વાતોમાં સામ્યતા હોઈ શક્તી નથી, નહીં તો ધર્મો અલગ અલગ તથા તેમનાં નામો અલગ અલગ શાથી થયાં ?!

આવા માહોલમાં મુસલમાનોને સત્ય માર્ગદર્શન માટે તથા ધાર્મિક ભેળસેળવૃત્તિથી સાવધાન રહેવા માટે આ લેખ રજૂ કરીએ છીએ.

★ ભગવાન, બ્રહ્મા, વિષ્ણુ તથા શિવથી મુરાદ ''અલ્લાહ'' નથી ! ★

ઝાકિર નાયકે Islamic Voice-Banglor માં લખ્યું છે કે ભગવાનનાં ૩૩ નામોમાંથી એક નામ ''બ્રહ્મા'' છે અને ''બ્રહ્મા''નો અનુવાદ (અર્થ) ખાલિક (સર્જનહાર) છે તથા

''વિષ્ણુ''નો અનુવાદ રબ (માલિક, પાલનહાર) છે.

જવાબ : એ છે કે પ્રથમ તો ''ભગવાન'' શબ્દ એના અર્થના એતેબારથી ખૂદ જાહેર કરે છે કે **તે કોઈ શરીરવાળી મખ્લૂક છે.** (''ભગ''નો અર્થ એક અંગ થાય છે, અને વાન એટલે વાળો) જેમ કે ''ગુણવાન'' એટલે ગુણ (ખૂબી)વાળો કે ખૂબીવાળી, ''દયાવાન'' એટલે દયાવાળો કે દયાવાળી વગેરે. અને જ્યાં સુધી ઉર્દૂ કે ફારસી શબ્દકોશમાં ભગવાનનો અર્થ ઈ□ર, પરમે□ર વગેરે લખે છે તો એ કારણે કે ભગવાનનો અર્થ હિંદુઓ એવો સમજે છે. જ્યારે કે અલ્લાહ શરીરથી તથા શરીરના અંગોથી પાક છે (પર) જેથી **ભગવાન શબ્દ એ અલ્લાહ માટે વાપરી શકાશે નહીં.** ''બ્રહ્મા'' ખાલિક (સર્જનહાર) છે અને ''વિષ્ણુ'' રબ (પાલનહાર) છે, એટલે કે એક પેદા કરનાર અને એક પાલનહાર અને ત્રીજો ''શિવ'' જે મારનાર છે. એટલે ત્રણ ત્રણ મઅબૂદ (ખુદા) થયા અને તે સૌની પત્નીઓ પણ છે : સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી. જ્યારે કે **અલ્લાહ તઆલા પત્નીથી, ઔલાદથી પાક (પવિત્ર) છે. જેથી એ શબ્દો અલ્લાહ કે ખુદા માટેના અર્થમાં લઈ શકાય નહીં.**

જેથી **જે લોકો વેદ તથા કુર્આનનો સમન્વય (સરખામણી)** કરી બંનેમાં સામ્યતા દર્શાવી રહ્યા છે અને બંને ધર્મોને સરખા દર્શાવી રહ્યા છે એ તેમનો તરંગી પ્રયાસ છે, એથી વિશેષ કાંઈ જ નથી ! એ વાત ઉપરોક્ત લખાણથી પુરવાર થાય છે.

તેમજ સૌ પ્રથમ વાત એ છે કે કુર્આન આસ્માની કિતાબ છે જેને અલ્લાહ તઆલાએ તેના પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺ પર પોતાના મુક઼ર્રબ ફરિશ્તા જિબ્રઈલ علیہ السلام થકી ઉતારી છે. જ્યારે કે ''વેદ'' કોઈ આસ્માની કિતાબ નથી.

★ વેદ આસ્માની કિતાબ નથી ★

સંસ્કૃત ભાષામાં 'વેદ'નો અર્થ "ઈલ્મ (જ્ઞાન) તથા વિદ્યા" થાય છે, જેમ કે "આયુર્વેદ" (**Ayurved**) એટલે "મેડિકલ જ્ઞાન" અથવા "હિંદી મેડિકલ વિદ્યા", ધનૂર વેદ એટલે "યુદ્ધ કળા" (જંગ વિદ્યા), ગાંધર્વ વેદ એટલે "સંગીત કલા" ગાવા વગાડવાની વિદ્યા વગેરે.

હિંદુ ધર્મની દૃષ્ટિએ વેદ ચાર છે : (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) શામ વેદ કે સામ વેદ (૪) અથર્વ વેદ.

હવે જો એ ચારેવમાંથી "વેદ" શબ્દ અલગ કરી દેવામાં આવે તો "ઋગ, યજર, સામ, અથર્વ" રહેશે. તો એ કોઈ જ્ઞાન, વિદ્યા તથા કલાનાં નામો છે. જેમ કે આયૂર, ધનૂર (ધનુર), ગાંધર્વ વગેરે. અથવા વ્યક્તિઓનાં નામો છે કે ઝયદ, અમ્ર, બકર વગેરે. અથવા ગુણધર્મો છે જેમ કે શાઈર, લેખક, લહિયો, એટલે કોઈ નિશ્ચિત નથી, કોઈ પણ શાયર, કોઈ પણ લેખક, કોઈ પણ લહિયો વગેરે.

પંડિત દયાનંદે આ વાતનું કોઈ પણ સંશોધન પોતાની કિતાબમાં રજૂ નથી કર્યું, બસ એટલું કહી આપ્યું કે ઋગ, યર્જુવ, સામ અને અથર્વ, ચાર ઋષિઓનાં નામ છે. જેનાથી સાબિત થાય છે કે આ ચારેવ કિતાબોના લેખક છે અથવા સંપાદક (જમા કરનાર).

એક તરફ હિંદુ ધર્મના પંડિતો એવું પણ કહે છે કે એના લેખક અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગરા છે. ત્રીજી બાજુ સનાતન ધર્મી કહે છે કે વેદના લેખક બ્રહમાજી છે અને તેમના ઋષિઓથી ચાર કિતાબો નીકળી છે. (તેમજ તા. ૧૪–૮–૨૦૦૭ના ગુજરાત સમાચારમાં દર્શાવ્યું છે કે ભગવાન શ્રી વેદવ્યાસે એક મહાવેદમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સંહિતાની રચના કરી હતી.) આવી વિવિધ પ્રકારની વાતો એના

બારામાં જોવા મળે છે. યાદ રાખશો ! કુર્આન અલ્લાહનું કલામ છે, અલ્લાહે હઝરત જિબ્રઈલ علیہ السلام મારફત મુહમ્મદ મુસ્તફા ﷺ પર ઉતાર્યું અને તે આજે પણ તે જ સ્થિતિમાં મૌજૂદ છે જેવું ઉતર્યું હતું. એમાં નુક્તા બરાબર પણ ફરક પડયો નથી. જેથી કુર્આન સાથે અન્ય કિતાબોની સરખામણી શક્ય જ નથી.

★ "બ્રહ્મા"એ અલ્લાહ નથી ★

એક તરફ હિંદુ ધર્મમાં બ્રહમાને ખાલિક (સર્જનહાર) કહે છે તો બીજી બાજુ તેમને મોઢાંવાળા કહે છે. એટલે **ખૂદ સ્વીકાર કરે છે કે તે શરીરવાળા** છે, જેથી સહીહ ઈસ્લામી અક઼ીદાના એતેબારથી **બ્રહ્મા, એ "અલ્લાહ" કે "ખુદા" નથી.** (કેમ કે અલ્લાહ શરીરથી પાક છે તેને શરીર નથી એ મુસલમાનનો અક઼ીદો છે.) સારાંશ કે ચાર ઋષિઓ કે અગ્નિ, વાયુ, આદિત્ય તથા અંગરા અથવા બ્રહમાને "વેદો"ના લેખક કે સંપાદન કર્તા માની લઈએ તો પણ **એ આસ્માની કિતાબ નથી.** અત્યાર સુધીમાં "વેદ"ના વિશે ત્રણ પ્રકારની વાતો સામે આવી. હવે વેદોના વિશે અધિક જાણકારી મેળવીએ.

★ વેદનું સંપાદન તથા તેના પ્રકાર ★

વેદોના સંશોધકોનો એ ખયાલ છે કે હજારો વરસો પહેલાં ઈરાન તથા તુર્કસ્તાનના પ્રદેશોથી આર્ય લોકો હિંદુસ્તાનમાં આવ્યા. તેઓમાં શેઅર કહેવાનો શોખ હતો. અને તેઓ જાહેરી ચીજો સૂરજ, ચાંદ, તારાઓ, પહાડો વગેરેની પ્રશંસામાં શેઅરો કહ્યા કરતા હતા અને તેમને પોતાનો દેવતા માનતા હતા અને આ રીતે તેઓ ૩૩ કરોડ દેવતાના ચાહનારા હતા અને તેમને તેઓ રોજી, મૃત્યુ, જીવન, તક઼દીર વગેરે દરેક વાતના માલિક તથા

અધિકારી માનતા હતા, અને તેમને પૂજતા પણ હતા.

એ વિવિધ વ્યક્તિઓના વિવિધ શ્લોકોનો સંગ્રહ વરસોના વરસો સુધી ક્રમસર ગોઠવણી વિનાનો બ્રાહમણોની પાસે ચામડાંઓમાં ભરેલો ઋષિઓ થકી મઠોમાં લપેટાયેલો રહેતો હતો અને તેઓ કોઈક કોઈકને એમાંથી મંત્રો સબકમાં પઢાવ્યા કરતા હતા. છેવટે કૌરવો અને પાંડવોના યુદ્ધ (મહાભારત) પછી પાંડવોના હુકમથી તે સંગ્રહને ક્રમ આપવામાં આવ્યો અને "વ્યાસજી"ને તેના વ્યવસ્થાપક બનાવવામાં આવ્યા. પછી પ્રથમ બે કિતાબો સંપાદિત કરવામાં આવી "ઋગ્વેદ" કે જેને ઋગ પંડિતે એકત્રિત કર્યો હતો તથા યજુર્વેદ જેને યજુર (યજુર્વ)એ એકત્રિત કર્યો હતો.

ઘણા અરસા પછી સામ કે શામ પંડિતે ઋગ્વેદનો ક્રમ પલટીને અન્ય અધિક મંત્રો ઉમેરીને (જે પહેલાં બાકી રહી ગયા હતા) એક અન્ય કિતાબ બનાવી જેનું નામ "સામ વેદ" થયું અને હિંદુઓમાં મુદ્દતો સુધી આ જ ત્રણ વેદ ધર્મની કિતાબો બનાવવામાં આવી.

ત્યારબાદ છેવટે એક લાંબા અરસા પછી અથર્વ પંડિતે "અથર્વ વેદ" લખી અને ત્યારથી ચાર વેદ માનવામાં આવે છે.

સારાંશ કે "વેદ" એ આર્ય કવિઓ અથવા ઋષિઓ તથા જ્ઞાનિઓની કાવ્ય પંક્તિઓ (શેઅરો)નો સંગ્રહ છે. શેઅરો કે શ્લોકોમાં ઘણી બધી વાતો ભૂતકાળની તથા ભવિષ્યકાળની સામેલ છે.

★ એક શંકાનું નિવારણ ★

જો કોઈ એવું કહે કે વેદ ઈલ્હામી કે આસ્માની કિતાબ નથી તો એમાં આપણા નબી ﷺનો ઉલ્લેખ કઈ રીતે આવી ગયો ?

તો જવાબ એ છે કે આપણા આક઼ા હુઝૂર ﷺનું વર્ણન કેવળ આસ્માની કિતાબોમાં જ નથી (એટલે કે તે સહીફાઓ જે આગલા નબીઓ પર ઉતર્યા અને પછી બાદની ચાર કિતાબો તૌરાત, ઝબૂર, ઈન્જીલ અને કુર્આન મજીદ) બલ્કે જ્યારથી હઝરત આદમ عليه السلام આ દુનિયામાં તશરીફ લાવ્યા ત્યારથી માનવો દરમ્યાન હુઝૂર ﷺની ચર્ચા શરૂ થઈ ગઈ.

હવે જેમ કે હિંદુ પંડિતોનું માનવું છે કે વેદ ત્રણ કે ચાર હજાર વરસો પહેલાં સંપાદિત કરવામાં આવ્યા જેથી ચારેવ ઋષિઓએ શક્ય છે કે નબી કરીમ ﷺનું વર્ણન સાંભળ્યું હોય અથવા સહીફાઓ તથા આસ્માની કિતાબો પરથી તેમને જાણ થઈ હોય અને તેમણે શ્લોકોમાં હુઝૂર ﷺનો ઉલ્લેખ કર્યો હોય.

હુઝૂર ﷺથી ખૂબ જ પહેલાં અરબસ્તાન, ઈરાન વગેરેના પ્રદેશોના રાજાઓ, કાહિનો, ભવિષ્યવેત્તાઓ વગેરેએ તેમનું વર્ણન કર્યું છે, આપની મહાનતા વર્ણન કરી છે, પ્રશંસા કરી છે. જેથી જો વેદમાં હુઝૂર ﷺનું વર્ણન છે તો એનો એ મતલબ નથી કે વેદ આસ્માની કિતાબ છે.

કોઈ પણ મુસલમાનનો એ અક઼ીદો નથી અને જો કોઈનો છે તો તે ગુમરાહ છે. વેદના હવાલાથી આપણા ઉલમાએ ઘણી વાતો સરકાર ﷺની બાબતે એકત્ર કરી છે પરંતુ તેમણે વેદને આસ્માની કિતાબ નથી માની.

હઝરત શેરબે શએ અહલે સુન્નત હઝરત મૌલાના હશ્મતઅલીખાં رحمة الله عليه લખે છે : "પંડિત દયાનંદ 'સત્યાર્થ પ્રકાશ' ૧૧ મી સમલાસ, પેજ–૩૭ ઉપર એ વાતનો સ્વીકાર કરે છે કે ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી, યજુરવેદની ૧૦૧, સામવેદની ૧૦૦૦, અર્થવેદની ૯, તો એમાંથી અમુક ઉપલબ્ધ

છે બાકીની ગુમ થઈ ગઈ." એ જાણ જ નથી થઈ શકી કે કેટલું એમાંથી ઓછુ થયું છે અને કેટલું વધ્યું.

બીજી વાત એ છે કે આજે સર્વ જગતના આર્યોને ચેલેંજ છે કે, આવે અને પોતાના વેદોની અગ્નિ, વાયુ, આદિત્ય, અંગરા સુધીની સનદ તો વર્ણન કરે કે તેમના ઋષિઓથી એ આર્યો સુધી કયા કયા ઝરીયા કયા કયા માધ્યમો થકી વેદ પહોંચ્યા અને તે માધ્યમો વિ□સનીય હતાં કે અવિ□સનીય." *(હવાલો : તક્રીરે મુનીરે ક્લ્બ, પેજ-૧૮, પ્રકાશક : મક્તબે મુસ્તફા, બરેલી શરીફ)*

વેદ ઉપરાંત, ભવિષ્ય પૂરાણ, જરથુસ્તી ધર્મની કિતાબો "ઝન્દ" તથા "ઓશ્યા" કન્ફયૂશ્ઝમ, બુદ્ધીઈઝમ વગેરેની કિતાબોમાં તથા સિખોના "ગુરૂ ગ્રંથ" તથા તુલસીદાસની "રામાયણ" વગેરેમાં પણ આપ ﷺનું વર્ણન છે. તો એનો એ હરગિઝ મતલબ નથી કે એ આસ્માની કિતાબો છે.

એ તો આકા ﷺનો મો'જિઝો છે કે દરેક જગાએ એમનો પવિત્ર ઝિક્ર (ઉલ્લેખ) મૌજૂદ છે. અને કેમ ન હોય કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે وَرَفَعْنَالَكَ ذِكْرَكَ (હે મહબૂબ ! અમે તમારા ઝિક્રને બુલંદ કર્યું.) ફર્માવીને હુઝૂર ﷺના ઝિક્રને બુલંદ તથા ઉચ્ચ ફર્માવી આપ્યું છે. *(સુન્ની દુનિયા, ઉર્દૂ મંથલી, જૂન-૨૦૦૭ના સૌજન્યથી, બરકાતે ખ્વાજા, સપ્ટે. ૨૦૦૭)*

રબ તઆલા મુસલમાનોને નેક સમજ અતા કરે અને ઈમાન તથા ઈસ્લામનું મહત્વ સમજવાની તૌફીક્ આપે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

દો અશ્ક હી બહોત હૈ અગર કુછ અષર કરે,
વરના રાત ભરકા રોના ભી બેકાર હોતા હૈ

وما علينا الا البلاغ المبين

ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૨૨૭** મદ્રસા-મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્કાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

- ★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.
- ★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ-મદ્રસા બંધાવી આપીને.
- ★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.
- ★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો. *-લિ. ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા*